

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી


કહાન સંવત-૩ [૪૮૦] * આત્મધર્મ * [અંક-૪ વર્ષ-૪૦] ઓક્ટોબર ૧૯૮૩

## દ્રવ્યદૃષ્ટિને આલંબન કોણ?

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિર્તત્ત્વ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય તે પણ બહિર્તત્ત્વ છે, તેનું આલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. સંવર-નિર્જરા-મોક્ષ પણ પર્યાય છે, તેથી તે વિનાશિક હોવાથી બહિર્તત્ત્વ છે, તેનું આલંબન દ્રવ્યદૃષ્ટિને નથી. શરીર-મન-વાણી-કુટુંબ કે દેવ-શાસ્ત્ર-ગુરુ એ તો પરદ્રવ્ય હોવાથી બહિર્તત્ત્વ છે જ અને દયા-દાન-વ્રત-તપ આદિના પરિણામ એ પણ વિકાર હોવાથી બહિર્તત્ત્વ છે જ પણ અહીં તો જે શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રના પરિણામ છે તે પણ ક્ષણિક અનિત્ય એક સમય પૂરતાં ટકતા હોવાથી ધ્રુવતત્ત્વ-અંતઃતત્ત્વની અપેક્ષાએ એ પણ બહર્તત્ત્વ છે. તેથી તેનું આલંબન લેવા જેવું નથી.

પ્રશ્ન :—નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને?

ઉત્તર :—એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અતઃતત્ત્વ જે ધ્રુવ તળ-દળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે, આ ઉપદેશ ભેદજ્ઞાનની પરકાષ્ટાનો છે. પ્રભુ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે, તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે તેના જ આશ્રયે પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા-દાન આદિના શુભ પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

—૦—

કહાન
સંવત ૩
વર્ષ ૪૦
અંક ૪
[ ૪૮૦ ]




વીર
સંવત
૨૫૦૯
A. D. 1983
OCT.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ગુરુદેવ–સ્તુતિ

[ પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
અંતરમાંથી વહેલી ભક્તિભાવભીની ગુરુ-સ્તુતિ ]

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે,
ઉજમબાને દ્વાર અતિ આનંદ છવાયા રે.

શ્રુતાવતારી અહો! ગુરુજી અમારા,
અગણિત જીવોનાં અંતર ઉજાળ્યાં;

સત્ય ધરમના આંબા રુડા રોપ્યા રે,
સાતિશય ગુણધારી ગુરુ ગુણવંતા રે.... વિદેહ૦ ૩

કામધેનુ કલ્પવૃક્ષ અહો! ફળિયા,
ભાવી તણા ભગવંત મુજ મળીયા;

અનુપમ ધર્મધોરી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે.... વિદેહ૦ ૪

નિશદિન ગુરુજીની વાટ અમે જોતા,
અમ અંતરિયામાં દર્શનની આશા;

સુવર્ણે પધારો પુનઃ કૃપાળુદેવા રે,
અનુભવવાણી ને દર્શન દેવા રે,
ભવભવ હોજો ગુરુચરણોની સેવા રે.... વિદેહ૦ ૫

૭૦ મી જન્મજયંતીના દિને—

પ્રશમમૂર્તિ સ્વાનુભવરસાસ્વાદી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
શ્રીમુખથી પ્રવાહિત ગુરુભક્તિભીનું

# તત્ત્વબોધક અમૃતઝરણું

[ સંકલિત ]

પ્રશ્ન:—જીવ અનાદિ કાળથી શુભાશુભ ભાવ દ્વારા પરિભ્રમણ કરતો આવ્યો છે; હવે એ પરિભ્રમણનો અન્ત આવે એવો કોઈ ઉપાય કૃપા કરીને બતાવો ?

ઉત્તર:—ગુરુદેવે ઘણું-ઘણું બતાવ્યું છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે. તે ઉપકારની તો શી વાત થાય! ગુરુદેવની વાણી અનુપમ હતી; તેમનું જ્ઞાન અનુપમ, તેમનો આત્મા અનુપમ. તેમણે અપૂર્વ વાણી દ્વારા હજારો જીવોને—ચારે તરફ ગુજરાતી-હિન્દી બધાને—તત્ત્વ સમજાવ્યું. તેમનો પ્રભાવના-ઉદય પ્રબળ હતો.

ભવનો અભાવ તો એક ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી થાય છે. ગુરુદેવે કહ્યું છે કે—શુભાશુભ ભાવોમાંથી દૃષ્ટિ ઉઠાવી લે; તેમના પ્રત્યેની એકત્વ-બુદ્ધિ તોડીને ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી ભવનો અભાવ થાય છે. અનાદિ કાળથી પર તરફ દૃષ્ટિ હોવાથી, બાહ્યદૃષ્ટિ હોવાથી, જીવને બધું બહારનું જ દેખાય છે, ચૈતન્યની નિર્મળતા તેમ જ શુદ્ધતાનો ખ્યાલ આવતો નથી.

પાણી સ્વભાવે નિર્મળ હોવા છતાં પણ કાદવના સંયોગે મલિન દેખાય છે, તોપણ તેનો સ્વભાવ તો નિર્મળ જ છે. તેવી રીતે ચૈતન્યનો સ્વભાવ નિર્મળ અને જ્ઞાન તેમ જ આનંદથી પરિપૂર્ણ છે; પરન્તુ જીવની દૃષ્ટિ બહારમાં હોવાથી તે, મલિનતા તેમ જ દુઃખનો અનુભવ કરે છે. જો ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે, ચૈતન્યને ઓળખે, તેના ઊંડાણમાં જઈને તેનો સ્વભાવ સમજે તો તેમાંથી નિર્મળતા, શીતળતા અને આનંદ પ્રગટ થાય છે. ચૈતન્યદ્રવ્ય અનંત અનંત શક્તિઓથી ભરેલું છે. તેમાં અનંત ગુણો ભરેલા છે. ચૈતન્ય કોઈ અનુપમ તત્ત્વ છે. તે તરફ દૃષ્ટિ

કરવાથી, તેમાં લીનતા કરવાથી આ વિકલ્પો તૂટીને જે સ્વાનુભૂતિ થાય છે તે સ્વાનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે.

પ્રથમ ભેદજ્ઞાનના અભ્યાસરૂપ દશા પ્રગટ થતાં સ્વાનુભૂતિ થાય છે. વિકલ્પનો આશ્રય નહિ પરન્તુ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ. ચૈતન્યનો આધાર—અવલંબન લેવાથી વિકલ્પ છૂટી જાય છે. નિરાલંબન થવાથી વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યનો આધાર લેવાથી વિકલ્પ તૂટીને અંદરથી સ્વાનુભૂતિ થાય છે. ચૈતન્યના અવલંબનરૂપ, માત્ર ચૈતન્યમાં લીનતારૂપ, ચૈતન્ય તરફ ઝૂકતી—એવી પરિણતિ કરવાથી તે પ્રગટ થાય છે. માત્ર વિચાર કર્યા કરવાથી નહિ, પરંતુ વિચાર કરી, તેનો પુરુષાર્થ કરીને અંદરમાં જે પરિણતિ પ્રગટ કરે તો તેમાંથી કોઈ અપૂર્વ દશાની પ્રાપ્તિ થાય છે. આ કરવા જેવું છે અને તે જ મુક્તિનો માર્ગ છે. ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે.

ચૈતન્યનો સ્વભાવ એવો છે કે પરિણતિ એકવાર સ્વભાવ તરફ ગઈ તો પછી તે, સ્વભાવ તરફ વળ્યા કરે છે. મુનિરાજને તો પરિણતિની એવી દોડ થઈ જાય છે કે ક્ષણે ક્ષણે તે અંદરમાં જ દોડી જાય છે. તેમને પરિણતિ બહાર કયાંય ટકતી નથી, એક ક્ષણભર ટકીને અંદરમાં મળી જાય છે. સ્વભાવ જ એવો છે કે પરિણતિ જો સ્વ તરફ વળી તો સ્વ તરફ જ વળ્યા કરે છે. માટે એવી સ્વાનુભૂતિ પ્રગટ કરવી, ચૈતન્ય-જ્ઞાયકની ઓળખાણ કરવી, જ્ઞાયકને સ્વભાવમાંથી ઓળખવો. જેનો જે સ્વભાવ હોય છે તેમાંથી જ પર્યાય પ્રગટ થાય છે, બીજામાંથી આવતી નથી.

આત્મામાં વિવિધ સ્વભાવો છે, તેમાંથી વિવિધ—અનેક પ્રકારની પર્યાયો તેમ જ નિર્મળતાઓ પ્રગટે છે. જો સ્વભાવ પ્રગટ કરે તો તેને ક્રમશઃ તે નિર્મળતાઓ પ્રગટ થતી જાય છે અને મુનિદશા આવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અનંત ગુણોથી ખીલેલો ચૈતન્યનો જે બાગ છે તે જ તેને રહેવાનું સ્થાન છે, તે જ તેને વિહાર કરવાનું સ્થાન છે. બાકી બધું બાહ્ય છે, તેને સુખનું—આનંદનું સ્થાન નથી, તોપણ તેણે આનંદ માન્યો છે તે માત્ર તેની કલ્પના છે.

શુભાશુભ ભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાન્તિ

અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભ ભાવનો આશ્રય છોડી ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે. ગુરુદેવે આ મુમુક્ષુસમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી પ્રગટ કરવી જોઈએ. અંદરમાં પુરુષાર્થ—માત્ર વિચાર-રૂપ નહિ કિંતુ અંદરથી જે પ્રગટ થાય તે—કરવા જેવો છે. જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવાં છે.

—૦—

## * ગૃહસ્થની ભૂમિકા *

અહો! જુઓ તો ખરા! છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મુનિઓને પણ આવા ઉપદેશનો વિકલ્પ આવે છે કે ધર્મી ગૃહસ્થો જિનમંદિર બંધાવે, પૂજા-પ્રતિષ્ઠા કરે, પાત્રદાન કરે, યાત્રા કરે, સાધર્મીઓને મદદ કરે. ગૃહસ્થોની ભૂમિકામાં તેવો ભાવ હોય છે ને મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને તેવા ઉપદેશનો વિકલ્પ આવે છે તેથી આ ઉપદેશ કર્યો છે. મુનિ પોતે જિનમંદિર-પૂજા વગેરે કાર્યો ન કરે પણ ગૃહસ્થ ધર્માત્મા-ઓને તેવા શુભ કાર્યોનો ઉપદેશ આપવાનો વિકલ્પ તો તેમને પણ આવે છે, અને ગૃહસ્થ કહે કે અમને તેવો ભાવ નથી આવતો, અમે તો નિશ્ચયના જ વિચારમાં રહીએ છીએ—તો તે જીવને પોતાની ભૂમિકાનો વિવેક નથી. ભૂમિકાના પ્રમાણમાં ભગવાનની પૂજા—ભક્તિ, બહુમાન, સાધર્મી પ્રત્યે પ્રેમ વગેરે ભાવો આવ્યા વિના રહેતા નથી—એમ સમજવું જોઈએ. —પૂજ્ય ગુરુદેવશ્રી

# * વિષાપહાર સ્તોત્ર *

(પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

[ પ્રવચન છઠ્ઠું ઉત્તરાર્ધ ]

प्रशस्तवाचश्चतुराः कषायैः, दग्धस्य देवव्यवहारमाहुः ।
गतस्य दीपस्य हि नंदितत्वम्, दृष्टं कपालस्य च मंगलत्वम् ।। २८ ।।

વિશદ મનોજ્ઞ બોલનેવાલે, પંડિત જો કહલાતે હૈં ।
ક્રોધાદિક સે જલે હુએ કો, વે યોં 'દેવ' બતાતે હૈં ।।
જૈસે 'બુઝે હુએ' દીપકકો, 'બઢા હુઆ' સબ કહતે હૈં ।
ઔર કપાલ વિઘટ જાનેકો, 'મંગલ હુઆ' સમઝતે હૈં ।। ૨૮ ।।

દરેક ગાથામાં દૃષ્ટાંત આપીને વાતને સિદ્ધ કરી છે. હવે કહે છે કે જગતના બોલકાઓ-વચનના ચાતુર્યવાળા વચનના વીંઝણે આત્માને તોડી નાખનારા, અજ્ઞાનમાં ચતુર જીવો રાગની-પુણ્યની ક્રિયામાં લાભ મનાવે છે. તથા કષાયવાળાને પણ દેવ માનીને બેઠા છે અને બીજાને મનાવે છે તે બોલકાઓ મૂઢ અજ્ઞાની છે.

અજ્ઞાનીઓ વ્યવહાર વિના નિશ્ચય થાય નહિ, નિમિત્ત વિના ઉપાદાનનું કાર્ય થાય નહિ, શુભરાગ કરતાં કરતાં ધર્મ થાય એવી બધી વાતોને વાક્ચાતુર્યથી બરાબર કેળવે અને બીજાને ઠસાવે છે. લૌકિક જીવો આવા જ હોય છે. દીવો ઓલવાઈ જાય તો લોકો કહે છે કે દીવો વધી ગયો. કેવી ઉંધાઈ! પેલાના જમાનામાં બ્રાહ્મણો ઘેર-ઘેર જઈ ને લોટ માંગતા હતાં, ત્યારે કોઇના ઘરમાં લોટ ખલાસ થઇ ગયો હોય તો લોટ નથી તેમ ન કહે, પણ લોટ વધી ગયો છે તેમ કહેતા. જુઓ આ ઉંધાઈ! ઘરમાં ઘી ખલાસ થઈ ગયું હોય તો કહે કે ઘી ઘણું છે માટે લેતા આવજો. ઘી નથી એમ કહે તો અપશુકન થાય. આવી જ રીતે અજ્ઞાનીઓ શુભરાગની ક્રિયા કરનારને ધર્મી માને છે, જડની ક્રિયાથી લાભ માને છે. અરે! આ બધી લોકોની ઉંધાઈ છે. લોકોમાં ઘડો ફુટી જાય તો કલ્યાણ માને છે તેમ ધર્મમાં પણ અજ્ઞાનીઓ આવી આવી ઉંધી માન્યતાઓ રાખે છે.

કવિએ ઋષભદેવ ભગવાનના મંદિરમાં પ્રતિમાની સામે જ સ્તુતિ શરૂ કરી છે, તેથી ભગવાનની સામે જોઈને કહે છે કે હે પ્રભુ! હે નાથ! લૌકિક મનુષ્યો રાગી-દ્વેષી જીવોને પણ 'દેવ' શબ્દથી બોલાવે છે-ઓળખાવે છે. પણ લોકોના કહેવાથી રાગી-દ્વેષી જીવોને દેવ માની ન લેવાય. લોકો તો દીવો બુઝાય

જાય તો કહે કે દીવો વધી ગયો, ઘડો ફુટી જાય તો કહે કલ્યાણ થયું. માટે લોકોની વાત ઉપર શ્રદ્ધા કરી ન લેવાય. શાસ્ત્રમાં કાંઈક નિમિત્તપણું દેખીને વ્યવહાર નયથી ઉપચરિત કથન કર્યું હોય ત્યાં વાક્‌ચાતુર્યવાળા અજ્ઞાની જીવો સાચા જ્ઞાન વગરના જીવોને ઉપચરિત કથનોને જ સત્યાર્થ તરીકે ઠસાવે છે.

દ્રવ્યલીંગી મુનીને એવા શુકલ લેશ્યાના ઉજળા પરીણામ થાય છે કે ઈન્દ્રાણી ચળાવવા આવે તો પણ ચળે નહિ અને શરીરના ખંડ ખંડ કરે તો પણ ક્રોધ કરે નહિ, આંખનો ખુણો પણ લાલ ન થાય. છતાં આવા મંદ રાગમાં જે જીવો ધર્મ માની રહ્યા છે તે ખરેખર દીવો ઓલવાઈ જતાં વધી ગયો કહેવા જેવી વાત છે. રાગમાં ધર્મ માનવાથી આત્માનો જ્ઞાન-દીવો ઓલવાઈ જાય છે છતાં અજ્ઞાનીઓ ધર્મમાં આગળ વધી ગયા તેમ માને છે. આ અજ્ઞાન છે.

**नानार्थमेकार्थमदस्त्वदुक्तम्, हितं वचस्ते निशमय्य वक्तुः ।**
**निर्दोषतां के न विभावयंति, ज्वरेण मुक्तः सुगमः स्वरेण ।। २९ ।।**

નયપ્રમાણયુત અતિહિતકારી, વચન આપકે કહે હુએ ।
સુનકર શ્રોતાજન તત્વોંકે, પરિશીલન મેં લગે હુએ ॥
વક્તા કા નિર્દોષપના જાનેંગે, કયોં નહિ હે ગુણમાલ ।
જ્વરવિમુક્ત જાના જાતા હૈ, સ્વર પરસે સહજહિ તત્કાલ ॥ ૨૯ ॥

હે નાથ! હે સર્વજ્ઞ પ્રભુ! આપ અનેક નયથી અનેક પ્રકારે કથન કરો છો. તેમાં વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સિદ્ધ કરવાનું આપનું પ્રયોજન છે. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ કે કથાનુયોગ આદિમાં અલગ અલગ રીતે કથન આવે છે પણ સર્વત્ર પ્રયોજન તો એક માત્ર વીતરાગતાનું જ છે. ત્રિલોકીનાથની વાણીમાં ચારે અનુયોગનો સાર-રાગ અને પરથી ઉપેક્ષા કરાવીને સ્વભાવની સન્મુખતા કરાવવી તે એક જ પ્રયોજન છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે કે તમે કથન અનેક પ્રકારના કરો તેનો વાંધો નહિ અને અન્યમતિ અનેક કથન કરે છે તેનો તમે વિરોધ કરો છો આમ કેમ? તેમ શંકાકારે શંકા ઉઠાવી છે. ત્યાં જવાબ આપેલ છે કે ભગવાનના વિવિધ કથન પાછળ સાર એક વીતરાગ ભાવ જ બતાવેલ છે. અને અન્યમતિઓ તો પરસ્પર વિરૂદ્ધ કથન કરી રાગભાવનું જ પોષણ કરે છે. દીકરો ન હોય તેવા વાંજિયાને કહે કે 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ' વળી બીજે ઠેકાણે કહે કે 'ફલાણા બ્રહ્મચર્ય પાળીને તરી ગયા.' આમ એક બાજુ પાપ કરવાનું બતાવે અને વળી પુણ્યને આદરણીય બતાવીને તેનાથી લાભ બતાવે. આ રીતે અન્યમતના કથનો પરસ્પર વિરૂદ્ધ અને રાગ-પોષક હોવાથી તેમનો મત સત્ય નથી.

છે તેનો સ્વીકાર કરવો તેનું નામ ઉપાદેય છે. સર્વજ્ઞ છે તેમ સ્વીકારવા તે જ

તેમની સ્તુતિ છે. જેમ છે તેમ જાણવું તેનું નામ ઉપાદેય છે પણ વાક્‌ચાતુર્યવાળા સમજ્યા વગર ઊંધુ બતાવે છે. પ્રભુ! આપના મતમાં વીતરાગતારૂપ પ્રયોજનમાં જરાય ફરક પડતો નથી માટે આપના હિતકારી વચનો સાંભળીને કોણ મનુષ્ય આપની નિર્દોષતાને નહિ પરખે? આપની વાણીમાં અનેક પ્રકારના કથનો આવે છે પણ સર્વત્ર એક વીતરાગ સ્વભાવની દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રનું જ પ્રયોજન પ્રગટ કર્યું હોવાથી આપના વક્તાપણાની નિર્દોષતા સ્પષ્ટ જણાય છે. ન્યાયની વાણીને તત્વજ્ઞાનમાં પરીક્ષક પુરુષો પરખી જ લ્યે છે. જેમ ચાર પાંચ ડીગ્રી તાવવાળાનો અવાજ જ બદલી જાય છે અને ખ્યાલ આવી જાય છે કે ઘણો તાવ છે અને તાવ ઉતરે ત્યાં અવાજ ઉપરથી જ જણાય જાય કે તાવ ઉતરી ગયો છે. તેમ અજ્ઞાનીના રોગવાળા-દોષવાળા જ્ઞાનના સ્વરને અને આપના નિર્દોષજ્ઞાનના સ્વરને કોણ નહિ પરખે? પરખશે જ. આપની વાણી અને અજ્ઞાનીની વાણીમાં ઉગમણું આથમણું મહાન અંતર છે.

"સત્તા સ્વરૂપમાં" કહ્યું છે કે ઓરડો બંધ કરીને કોઈ સંગીત વગાડતું હોય અને બહારથી કોઈ સંગીત જાણનારો નીકળે તો અવાજ પરથી જ જોયા વગર પણ ઓળખી જાય છે કે આ કોઈ વિચિક્ષણ સંગીત જાણનારો વીણા વગાડી રહ્યો છે. તેમ હે નાથ! આપની વાણીમાં જે પૂર્વાપર અવિરોધતા આવે છે તે ઉપરથી, ભલે આપ ન દેખાવ તોપણ આ કળાબાજ કેવળી છે એમ સમકિતી પરીક્ષા કર્યા વગર રહેતો નથી. પુરણ કેવળીની વાણીમાં બધું પુરણ........પુરણ........પુરણ આવે છે.

પ્રભુ! આપના વચન અનેક અર્થના પ્રતિપાદક હોવાથી નિત્ય અનિત્ય, શુદ્ધ અશુદ્ધ વગેરે અનેક પ્રકારે વસ્તુનું પ્રતિપાદન કરે ત્યારે શરૂઆતમાં વિરૂદ્ધતા લાગે પણ અંતમાં નિર્ણય થાય છે કે આપના વચન સ્યાદ્‌વાદ સિદ્ધાંતથી અનેક અર્થોનું પ્રતિપાદન કરે છે પણ એક જ પ્રયોજનને સિદ્ધ કરે છે. માટે સ્પષ્ટપણે આપની નિર્દોષતા દેખાય આવે છે. આપનું કથન-આપનો ઉપદેશ સત્ય છે તેમ પરીક્ષા દ્વારા સિદ્ધ થાય છે.

સમંતભદ્ર આચાર્યે કહ્યું છે કે હે ભગવાન! આપ સર્વજ્ઞ છો તેમ પરીક્ષા દ્વારા મેં બરાબર નિર્ણય કર્યો છે. આપના ઉપદેશમાં એક સેકંડના અસંખ્યમા ભાગમાં અર્થાત્ એક સમયમાં એક સત્‌માં થતાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવત્વનું જે વર્ણન આવ્યું છે તે આપનું સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે. સર્વજ્ઞ સિવાય એક સમયમાં એક સત્‌ના ઉત્પાદ્-વ્યય-ધ્રુવરૂપ ત્રણ અંશને કોઈ પકડી શકે નહિ. માટે આપનો ઉપદેશ આપની સર્વજ્ઞતા જ પ્રસિદ્ધ કરે છે. શરદીથી જેનો કંઠ પકડાઈ ગયો હોય તેની વાણી ચોકખી નીકળી શકે નહિ તેમ રાગમાં પકડાયેલા અજ્ઞાનીની વાણીમાં નિર્દોષતા હોઈ શકે નહિ.

न क्वापि वांछा ववृते च वाक्ते, काले क्वचित्कोऽपि तथा नियोगः ।
न पूरयाम्यम्बुधिमित्युदंशुः, स्वयं हि शीतद्युतिरभ्युदेति ॥ ३० ॥

યદ્યપિ જગકે કિસી વિષયમેં, અભિલાષા તબ રહી નહીં।
તૌ ભી વિમલ વાણી તવ ખિરતી, યદા કદાચિત્ કહીં કહીં ॥
ઐસા હી કુછ હૈ નિયોગ યહ, જૈસે પૂર્ણચંદ્ર જિનદેવ।
જ્વાર બઢાને કો ન ઉગતા, કિન્તુ ઉદિત હોતા સ્વયમેવ ॥ ૩૦ ॥

એક એક ગાથામાં કવિએ નવીન અલગ અલગ દૃષ્ટાંત મૂકયા છે. જુઓને મેળ પણ કુદરતી કેવો થઈ ગયો છે! એમની દૃષ્ટિ તો પવિત્ર હતી અને તેમાં પુણ્ય ભેગું ભળ્યું એટલે તેમના દીકરાને સર્પનું ઝેર ઉતરી ગયું. ઝેર તો તેના કારણે ઉતર્યું પણ અહીં બધો મેળ ઊતરી ગયો.

હે વીતરાગ, સર્વજ્ઞદેવ, ત્રિલોકનાથ, ગુણાગાર! પ્રભુ! આપને કોઈ પ્રકારની ઇચ્છા ઉત્પન્ન થતી નથી. છતાં શરીર ઇચ્છા વગર ચાલે, દિવ્ય ધ્વનિ ઇચ્છા વગર ૨૪ કલાકમાં ત્રણ-ત્રણ વખત છૂટે, ૬૦ ઘડીમાં ૨૪ ઘડી વાણી છૂટે. પ્રભુ! આપને ઇચ્છા નહિ અને આ શું! પ્રભુ! આપની વિરોધતાનો પાર નથી. ઇચ્છા નહિ છતાં ૨૪ ઘડી દિવ્યધ્વનિ! ઇચ્છા નહિ છતાં વિહાર! આ તે શું વિરોધતા? પણ એ વિરોધતાના ઝેર પ્રભુ! ઉતારી નાખ્યા છે.

કોઈ નિયોગ જ એવો છે પ્રભુ! ભવ્ય જીવોના ભાગ્યને માટે આપનો વિહાર થાય છે અને ભવ્ય જીવોના ભાગ્યને માટે આપની દિવ્યધ્વનિ છૂટે છે. થાય છે તો આ બધું ઉપાદાનના કારણે. પણ નિમિત્તથી ભક્તો કહે છે કે પ્રભુ! અમારા ભાગ્યે આપની વાણી અને વિહાર છે.

પૂનમનો ચંદ્ર ૧૬ કળાએ ઊગે તેને ઇચ્છા નથી કે હું દરીયાના પાણીમાં ભરતી લાવું પણ સહેજે ચંદ્ર ઉગે અને દરીયામાં ભરતી આવે જ છે. ઢોલકને ઇચ્છા નથી છતાં હાથ મારે ત્યાં અવાજ નીકળે. તેમ આપને ઇચ્છા નથી પણ પુણ્યવંત પ્રાણી આવે ત્યાં આપની વાણી નીકળે. તેમ આત્માની અંદરમાં પણ પુરુષાર્થની ઉગ્રતા થાય એટલે શક્તિની વ્યક્તતા થયા વિના રહે નહિ. દ્રવ્યમાં પાછો કાંઈ ફેરફાર થાય નહિ પણ દ્રવ્યમાં જેટલી એકાગ્રતા થાય તેટલી શક્તિની વ્યકતતા પ્રગટ થાય જ. પ્રભુ! આપે કોઈ અલૌકિક વાત કરી છે.

गुणा गभीराः परमाः प्रसन्नाः बहुप्रकारा बहबस्तवेति ।
दृष्टोऽयमन्तस्तवने न तेषाम्, गुणो गुणानां किमतः परोऽस्ति ।। ३१ ।।

હે પ્રભુ! તેરે ગુણ પ્રસિદ્ધ હૈ, પરમોત્તમ હૈ, ગહરે હૈ,
બહુ પ્રકાર હૈ, પાર રહિત હૈ, નિજ સ્વભાવ મેં ઠહરે હૈં;
સ્તુતિ કરતે કરતે યોં દેખા; છોર ગુણોં કા આખિર મેં,
ઈનમેં જો નહિ કહા, રહા વહ, ઔર કૌન ગુણ જાહિર મેં ॥ ૩૧ ॥

આ બધાય કવિના હૃદયનાં ઉદ્‌ગાર નીકળ્યા છે. હે પ્રભુ! જેમ દરિયો અગાધ અને ગંભીર છે. તેમ આપના ગુણો પણ અગાધ અને ગંભીર છે. આપના ગુણો ઉત્કૃષ્ટ છે. આપના ગુણોનો સંપૂર્ણ વિકાસ થઈ ગયો છે. આપના ગુણો ઉજ્જવલ છે. આપની પર્યાયમાં લેશમાત્ર વિકૃતિ રહી નથી. આપના ગુણો અનેક પ્રકારના છે તથા આપના ગુણો અનંત છે. આમ આપની સ્તુતિ કરીને જ અમે આપના ગુણોનો પાર પામી લીધો કહીએ છીએ. પરંતુ પ્રભુ! આપના ગુણોનો પાર આવે તેમ નથી. વાણીથી ગમે તેટલું કહેવામાં આવે પણ વાણીમાં આપના અનંતગુણોનું વર્ણન કરવાનું સામર્થ્ય નથી.

આપના બધાય ગુણો આપમાં સમાઈ ગયા છે તેથી આપના ગુણોનો પાર આવી ગયો પણ વાણી કે વિકલ્પ દ્વારા આપના ગુણોને ગણવા જતાં પાર આવે તેમ નથી. જ્યાં આત્મા છે ત્યાં જ અનંતગુણો છે, તેમ શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર કરવાથી સાધક જીવે આત્માના અનંત ગુણનો પાર લીધો છે. પણ વિકલ્પ દ્વારા આત્માના ગુણોનો પાર આવતો નથી.

એક પલ્યના અસંખ્યાતમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષો જાય, એવા એવા દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય. એવા એવા ૩૩ સાગરોપમ સુધી ક્ષાયિક સમકિતી અને ૧૨ અંગના જાણનારા દેવો ત્યાં સ્વર્ગમાં પરસ્પર તત્ત્વચર્ચા કરે છે છતાં આપના ગુણોનો અંત પામી શકતા નથી. ગુણનો અંત તો પ્રભુ! આપે લીધો છે. જેટલા આત્માના ગુણો છે તે બધા આપે પ્રત્યક્ષ જાણી લીધા છે. બાકી વાણીથી તેનો પાર પમાય તેમ નથી–એમ વચનની અને વિકલ્પની સ્તુતિ છોડી, નિર્વિકલ્પ સ્તુતિમાં સમાઈ જવું તેને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. (ક્રમશઃ)

— ૦ —

વૈરાગ્યજનની............પેઈજ નં. ૧૬ થી ચાલુ

કોઈ સાધર્મી નિર્ધન હોય તેને દેખીને તેના પાસેથી બદલાની આશા વગર જે પોતની લક્ષ્મી વગેરે આપે છે તેનું જીવન સફળ છે. પૈસા આપીને સામાને ઓશિયાળો બનાવી રાખે તેવા જીવો તો જગતમાં ઘણાં છે. પણ સાધર્મી-જીવને તેમ જ બીજા જીવોને પ્રતિ ઉપકારની આશા વગર જે ધન વગેરે આપે છે એવા જીવો વિરલા છે. સ્વભાવમાં રાગ ઘટાડવાનો પ્રયત્ન વર્તે છે એવા જીવોને સાધર્મી વગેરે માટે લક્ષ્મી ખરચવાનો ભાવ આવે છે. જેને નિરપેક્ષ ચૈતન્યનું ભાન અને ભાવના વર્તે છે તેને જ દાન વગેરેમાં પ્રતિઉપકારની અપેક્ષા છૂટે છે. ને એવા જીવનું જ જીવન સફળ છે, ચૈતન્યની રુચિ વર્તે છે ને રાગ ઘટાડવાનો પ્રયત્ન વર્તે છે તેથી તેનું જીવન સફળ કહ્યું છે.

—૦—

(ક્રમશઃ)

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ અનિત્ય ભાવનાનું વર્ણન છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદ છે એવું નિજઘર જેણે જોયું છે તે જ જીવ જગતના પદાર્થોની પર્યાયની અનિત્યભાવના ભાવે છે. જેને પર્યાયબુદ્ધિ હોય એટલે કે પર્યાયની ક્ષણિકતાને ન જાણતાં તેને સ્થિર રાખવા માગતો હોય તેને ખરી અનિત્યભાવના હોતી નથી. એટલે ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની આ અનિત્યભાવના છે એમ સમજવું.

અહીં લક્ષ્મીની અનિત્યતા વર્ણવે છે.

**यः पुनः लक्ष्मी संचिनोति न च भुङ्क्ते नैव ददाति पात्रेषु ।**
**सः आत्मानं वंचति मनुजत्वं निष्फलं तस्य ॥ १३ ॥**

અર્થ:—પરંતુ જે પુરુષ લક્ષ્મીને માત્ર સંચય કરે છે, પણ પાત્રોને અર્થે આપતો નથી તથા ભોગવતો પણ નથી તે તો માત્ર આત્માને જ ઠગે છે, એવા પુરુષનું મનુષ્યપણું નિષ્ફલ છે—વૃથા છે. ૧૩.

જે પુરુષ લક્ષ્મીની મમતા કરીને તેને રાખવા માગે છે પણ ધર્માત્મા સુપાત્રને ઓળખીને દાનાદિમાં તેને વાપરતો નથી, એટલે કે મમતા ઘટાડતો નથી ને પોતાના ભોગમા ભોગવતો પણ નથી, તે તો મમતા ભાવથી માત્ર પોતાના આત્માને જ ઠગે છે. પૈસા રાખવાની જેને બુદ્ધિ છે ને ચૈતન્યની દૃષ્ટિ-રુચિ કરતો નથી તેમ જ પાત્ર-દાનના શુભભાવ પણ કરતો નથી તે તો મનુષ્યપણું હારી જવાનો છે. અરે! આવો મનુષ્ય અવતાર મળ્યો ને ભગવાન આત્માની ચૈતન્યલક્ષ્મીની પ્રીતિ ન કરતાં આ જડ લક્ષ્મીમાં મોહી પડયો તે જીવ પોતાના આત્માને છેતરી રહ્યો છે. સ્વરૂપની ચૈતન્યલક્ષ્મીની પ્રીતિમાં ધર્મીને લક્ષ્મીની રુચિ ઊડી ગઈ છે, લક્ષ્મીને પર જાણી છે, તે ક્ષણિક છે એમ જાણ્યું છે ને પોતાના ધ્રુવ ચૈતન્યની રુચિ થઈ છે એવા ધર્મીને લક્ષ્મી ઉપરની રુચિથી રાગ-દ્વેષ થતા નથી. ભગવાન આત્મા પોતે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકની લક્ષ્મીને જાણનારો છે. એવા આત્માની રુચિ ને ઓળખાણની દરકાર ન કરી ને જડ લક્ષ્મીની જ મમતામાં રોકાઈ ગયો તે જીવનું મનુષ્યપણું નિષ્ફળ છે. જેને ચૈતન્યના ધ્રુવ ચિદાનંદ ચમત્કારનો મહિમા ભાસ્યો છે તેને ચૈતન્યની પ્રીતિ કરતાં જગતમાં કોઈ ચીજની વિશેષ પ્રીતિ હોય નહિ, ટાણું આવ્યે દેવ ગુરુ ધર્મની ભક્તિ પ્રભાવના વગેરે પ્રસંગે પણ લક્ષ્મી વગેરેની અર્પણતાનો ભાવ ન આવે તો તે માયાવી છે, તેને ધર્મનો

પ્રેમ નથી. અહો! ચૈતન્યનો મહિમા કરીને રાગનો અભાવ કરવાના ટાણા આવ્યા, તેવા પ્રસંગે લક્ષ્મી વગેરેની મમતામાં અટકાય ને ધર્માત્માને દેખીને પાત્ર દાન વગેરેમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ પણ ન આવે તો તેનું મનુષ્યપણું અને લક્ષ્મી બન્ને નિષ્ફળ છે. તેનો આત્મા ઠગાય છે. અજ્ઞાની માને કે મેં દુનિયાને ઠગીને લક્ષ્મી ભેગી કરી પણ ખરેખર તો તેનો આત્મા ઠગાયો છે.

यः संचयोकृत्य लक्ष्मीं धरणीतले संस्थापयति अति दूरे।
सः पुरुषः तां लक्ष्मीं पाषाणसमानां करोति ॥ १४ ॥

અર્થ :— જે પુરુષ પોતાની લક્ષ્મીને ઘણી ઊંડી પૃથ્વીતલમાં દાટે છે તે પુરુષ એ લક્ષ્મીને પાષાણ સમાન કરે છે. ૧૪.

પહેલાંના વખતમાં જમીનમાં લક્ષ્મી દાટતા, તેને બદલે અત્યારે તિજોરીમાં સંઘરે છે. શાસ્ત્રમાં અલંકારથી કહે છે કે કૃપણના ઘરે લક્ષ્મી કેમ સ્થિર રહે છે? તો કહે છે કે ઉદાર માણસને ત્યાં વારંવાર હેરફેર થતાં લક્ષ્મીને થાક લાગ્યો, તે અહીં કૃપણને ત્યાં નિરાંતે બેઠી છે. એમ કહીને લોભી ઉપર કટાક્ષ કર્યો છે. જેમ જમીનમાં પત્થર દાટે તેમ ચૈતન્યલક્ષ્મીના અજાણ અને જડ લક્ષ્મીના લોભી જીવો, જમીનમાં લક્ષ્મીને દાટે છે પણ દાનાદિમાં વાપરતા નથી, તેથી તેની લક્ષ્મી પણ પત્થર સમાન જ છે. જેની પાસે લક્ષ્મી ન હોય ને લક્ષ્મીની મમતા કરી રહ્યા હોય તે પણ કૃપણ જ છે. ચિદ્‌ઘન જ્ઞાનલક્ષ્મીમાં આત્માને સ્થિર કરવો જોઈએ કે "સિદ્ધ સમાન સદા પદ મેરો" એવી ભાવના હોય તેને લક્ષ્મી વગેરેની મમતા હોય નહિ, લક્ષ્મીને અનિત્ય જાણી પછી તેને સંઘરવાની મમતા કેમ રહે? અજ્ઞાની માને કે જમીનમાં દાટીને કે તિજોરીમાં ભરીને હું લક્ષ્મીને સાંચવું છું પણ અહીં શાસ્ત્રકાર કહે છે કે તું તારી લક્ષ્મીને પત્થર સમાન કરે છે.

अनवरतं यः संचदि लक्ष्मी न च ददाति नैव भुङ्क्ते ।
आत्मीया आपि लक्ष्मीः परलक्ष्मी समानिका तस्य ॥ १५ ॥

અર્થ :—જે પુરુષ લક્ષ્મીને નિરંતર સંચય જ કરે છે પણ નથી દાન કરતો કે નથી ભોગવતો તે પુરુષ પોતાની લક્ષ્મીને પરના જેવી કરે છે. ૧૫.

જે પુરુષ લક્ષ્મીનો પાત્ર-દાન વગેરેમાં ઉપયોગ નથી કરતો ને પુત્ર વગેરે માટે સંઘરી રાખે છે તે તો લક્ષ્મીનો રખોપિયો છે. શરીરના પોષણ માટે ધન ખર્ચે અને ધર્મ-પ્રભાવના વગેરેમાં ખર્ચવામાં કંજુસાઈ કરે તો તેને ધર્મનો પ્રેમ નથી.

જુઓ, ભગવાનના ધ્વનિમાં પણ તૃષ્ણા ઘટાડવા માટે આવો ઉપદેશ આવે છે.

જે જીવને તે જાતનો ક્ષયોપશમ હોય તેને એવું શ્રવણમાં આવે કે ભગવાને પાત્રદાનનો ઉપદેશ કર્યો, ભગવાને લક્ષ્મીની મમતા ટાળવાનો ઉપદેશ કર્યો.

જુઓ, ધ્યાન રાખજો કે આ સાધારણ લૌકિક વાત નથી, પણ હું ચિદાનંદ આત્મા ધ્રુવ છું ને લક્ષ્મી વગેરે બધું અધ્રુવ છે–એમ વસ્તુસ્વરૂપના જ્ઞાનપૂર્વકની અનિત્ય ભાવના ભાવતાં લક્ષ્મી વગેરેની મમતા ઘટી જાય છે. એ રીતે વસ્તુસ્વરૂપના ભાન સહિતની ભાવનાઓનું આ વર્ણન છે.

लक्ष्मी ससक्तमनाः यः आत्मानं धरति कष्टेन ।
स राजदायादीनां कार्यं साधयति मूढात्मा । ॥ १६ ॥

અર્થઃ–જે પુરુષ, લક્ષ્મીમાં આશક્તચિત્ત થઈને પોતાના આત્માને કષ્ટમાં રાખે છે તે મૂઢાત્મા, માત્ર રાજાઓનું અને કુટુંબીઓનું જ કાર્ય સાધે છે. ૧૬.

જે લક્ષ્મીમાં જ આસકત થઈ ગયો છે ને કાંઈ દાનાદિના શુભ પરિણામ પણ કરતો નથી તે લક્ષ્મી તો રાજા કે કુટુમ્બીજનો લઈ જશે. તે પુરુષ પોતે લક્ષ્મીનો ખરો માલિક નથી. પણ રાજા કે કુટુમ્બીજનોના વતી તે લક્ષ્મીનું રખોપું કરી રહ્યો છે. પોતાની લક્ષ્મી તો ત્યારે કહેવાય કે જો પોતે શુભભાવ કરીને દાનાદિમાં ખર્ચે તો. જુઓ, ધર્માત્મા ચક્રવર્તીને ત્યાં પણ લક્ષ્મીનાં ઢગલા હોય છતાં અંદરમાં ધ્રુવ ચૈતન્યની પ્રીતિ છૂટીને લક્ષ્મીની પ્રીતિ થતી નથી, ચૈતન્યની રુચિ છોડીને લક્ષ્મીની જ રુચિમાં જે લીન થયા છે તેવા જીવોને અનંત સંસારના કારણરૂપ મમતા છે.

यः वृद्धियति लक्ष्मीं बहुविधि बुद्धिभिः नैव तृप्यति ।
सर्वारम्भं कुरुते रात्रिदिनं तंत्रपि चिन्तयति ॥ १७ ॥
न च भुनक्ति वेलायां चिन्तावस्थः न सुप्यति रजन्याम् ।
सः दासत्वं करोति विमोहितः लक्ष्मी तरुण्या ॥ १८ ॥

અર્થઃ–જે પુરુષ, અનેક પ્રકારની કલા-ચતુરાઈ-બુદ્ધિ વડે લક્ષ્મીને માત્ર વધારે જાય છે પણ તૃપ્ત થતો નથી, એના માટે અસિ–મસિ અને કૃષિ આદિ સર્વ આરંભ કરે છે, રાત્રિ-દિવસ તેના જ આરંભ ને ચિંતવન કરે છે, વેળાએ ભોજન પણ કરતો નથી અને ચિંતામગ્ન બની રાત્રીમાં સૂતો (ઊંઘતો) પણ નથી તે પુરુષ લક્ષ્મીરૂપ સ્ત્રીમાં મોહિત થયો થકો તેનું કિંકરપણું કરે છે. ૧૭–૧૮.

લક્ષ્મી તો પૂર્વનાં પુણ્યના કારણે આવે છે. મૂઢ જીવ એમ માને કે હું મારી

ચતુરાઈથી લક્ષ્મી મેળવું છું, લક્ષ્મી મેળવવા માટે હિંસા કરે, જૂઠું બોલે; ચોરી કરે, ઇત્યાદિ અનેક ઉપાયો કરીને લક્ષ્મી મેળવવા માંગે છે, અને રાત્રિ-દિવસ તે લક્ષ્મીમાં જ મોહિત થયો છે, તે જીવ લક્ષ્મીનો કિંકર છે-જડનો દાસ છે. અરે! અનંતકાળે મોંઘો મનુષ્યદેહ મળ્યો, સત્ સમાગમ મળ્યો, આ ટાણે આત્માનું હિત કરી લેવા જેવું છે, એવો આત્મહિતનો વિચારપણ કરતો નથી ને રાત-દિવસ ચોવીસે કલાક પૈસાનો ભિખારી થઈ રહ્યો છે તે જીવ પૈસાનો કિંકર થઈને મનુષ્યપણું ગુમાવી દે છે. મૂઢ જીવ આત્માને ચૂકીને લક્ષ્મીનો ચાકર થાય છે. અરે ભાઈ! આત્માને ઓળખીને તેનું કિંકરપણું કર, અહો! હું તો અનંત કેવળજ્ઞાન લક્ષ્મીનો સ્વામી છું-એમ ચૈતન્યનો મહિમા લાવીને તેની રુચિ કર, જેને ચૈતન્યનો મહિમા ને રુચિ થાય તેને લક્ષ્મી વગેરેની તીવ્ર મમતા ન રહે.

यः वर्द्धमानलक्ष्मीं अनवरतं ददाति धर्मकार्येषु।
सः पण्डितैः सतूयते तस्य अपि सफला भवेत् लक्ष्मी ॥ १९ ॥

**અર્થ:—જે પુરુષ, પુણ્યોદયથી વધતી જતી જે લક્ષ્મી, તેને નિરંતર ધર્મકાર્યોમાં આપે છે તે પુરુષ પંડિતજનો વડે સ્તુતિ કરવા યોગ્ય છે અને તેની જ લક્ષ્મી સફળ છે. ૧૯.**

જે જીવને પૂર્વના પુણ્યના ઉદયથી લક્ષ્મી વધતી જાય છે તે લક્ષ્મીને જે જીવ નિરંતર ધર્મ કાર્યોમાં ખર્ચે છે તે પુરુષ પ્રશંસનીય છે. ધર્માત્માને ત્યાં લક્ષ્મી હોય તો હંમેશ હંમેશ ધર્મના નવા નવા મહોત્સવ કાઢયા કરે, રોજ રોજ નવા મહોત્સવ નિમિત્તે ધર્મ કાર્યોમાં તે પોતાની લક્ષ્મીને વાપર્યા કરે છે, તે લક્ષ્મી ખરચ્યે ખૂટતી નથી. ધર્મીને શ્રદ્ધા છે કે પુણ્યના ફળમાં લક્ષ્મી મળે છે તે લક્ષ્મી ખરચવાથી ખૂટતી નથી, ને પુણ્ય ખૂટતા લક્ષ્મી ખૂટશે. પૈસા ખરચતાં પુણ્ય ખૂટી જવાના નથી, ને પુણ્ય ખૂટયાં તો પૈસા રહેવાના નથી. માટે ધર્મ કાર્યોમાં તેને લક્ષ્મી ખરચવામાં કંજુસાઈ થતી નથી, ઉલ્ટું સત્કાર્યમાં લક્ષ્મી ખરચતાં નવા પુણ્યની વૃદ્ધિ થશે. અજ્ઞાનીને પૂર્વના પુણનનો પણ વિશ્વાસ નથી, ને ધ્રુવ ચિદાનંદ આત્માની પણ શ્રદ્ધા નથી તથા લક્ષ્મી વગેરેને તે ખરેખર અનિત્ય જાણતો નથી, તેથી મમતાથી તેને સ્થિર રાખવા માગે છે. ધર્મની દૃષ્ટિમાં શુદ્ધ આત્માની ભાવના નિરંતર હોય છે. તેમજ બહારમાં ધર્મ-પ્રભાવના વગેરે કાર્યમાં લક્ષ્મી ખવચવાનો ભાવ તેને નિરંતર હોય છે. ધર્મીને ચૈતન્યની રુચિ-પૂર્વક પોતાના પરિણામમાં ધર્મનો પ્રેમ છે તેની આ વાત છે. જગતમાં દેવ-ગુરુ-ધર્મના જે કાર્યો છે તે તો થયાં જ કરે છે, પણ જીવને ધર્મની રુચિ પૂર્વક પ્રભાવના વગેરેનો ભાવ આવ્યા વિના રહેતો નથી.

જુઓ, આ શાસ્ત્ર નિર્ગ્રંથ દિગંબર ભાવલિંગી સંતનું રચેલું છે. તેમની પાસે

કાંઈ પરિગ્રહ હોતો નથી, વારંવાર આત્માના આનંદમાં લીન થઈ જાય છે, એવા સંતોને કાંઈ તારી લક્ષ્મીની જરૂર નથી, પણ જેને ધર્મની પ્રીતિ હોય તેવા જીવને દાનાદિમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. ધર્મની પ્રીતિવાળા વિવેકી જીવને પોતાના પરિણામમાંથી રાગાદિ ઘટાડવા માટે ધર્મકાર્યમાં લક્ષ્મી વગેરે ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. જુઓ કેટલાક જીવો ધાર્મિક કાર્યની સામે જોતાં નથી ને બહારમાં લૌકિક કાર્યોમાં ધન વગેરે વાપરે છે, એવા જીવોને ધર્મનો વિવેક નથી. અહીં તો કહ્યું કે ધર્મ કાર્યમાં લક્ષ્મી વાપરવાનો જેને ઉત્સાહ છે તેને પોતાને ધર્મની પ્રીતિ છે, તેથી તેવા જીવને પંડિત પુરુષો પ્રશંસે છે. મૂઢ જીવોને તો વિવેક નથી, તેથી કોઈ લગ્ન વગેરેમાં વેશ્યા નચાવવામાં હજારો રૂપિયા ખર્ચી નાખે તેવા જીવના પણ વખાણ કરે છે. પણ પંડિત પુરુષો તેવાને વખાણતા નથી. જેને આત્માના સ્વભાવ પ્રત્યે બેહદ બહુમાન પ્રગટયું છે, અને બહારમાં નિમિત્ત તરીકે સર્વજ્ઞદેવનું જિન-મંદિર, પાત્રદાન વગેરેમાં લક્ષ્મી ખર્ચવાનો ઉત્સાહ આવે છે, તેને સંસારના અનુરાગ કરતાં ધર્મના નિમિત્તો પ્રત્યેનો, સાધર્મી જીવો પ્રત્યેનો અનુરાગ વધી જાય છે. અજ્ઞાની તો કહે કે અરે! આરંભ થાય! એમ માનીને જિનમંદિર વગેરેના કાર્યનો નિષેધ કરે છે. તેને ધર્મનું કે ધર્મના નિમિત્તનું ભાન નથી. ત્રિલોકનાથ તીર્થંકરના વિરહે સમ્યગ્દૃષ્ટિને ભગવાનની પ્રતિમાજી પૂજા-ભક્તિનો ભાવ ઉલ્લસ્યા વિના રહેતો નથી. જેમ પરદેશ ગયેલા પતિનો ફોટો જોવાનું મન થાય છે તેમ ધર્માત્માને સર્વજ્ઞદેવ પ્રત્યેનું બહુમાન છે તેથી તેમના પ્રતિમાજી વગેરેને દેખતાં ભક્તિ આવ્યા વિના રહેતી નથી ને દેવ-ગુરુની પ્રભાવના વગેરેમાં પોતાનો ભાવ ઉલ્લસ્યા વિના રહેતો નથી. દસ લાખની મૂડીવાળાનો દિકરો પરણતો હોય તો ત્યાં લક્ષ્મી વાપરવાનો ઉત્સાહ કેમ આવે છે? તેમ પાત્ર જીવોને જિનમંદિર-પ્રતિષ્ઠા-યાત્રા-પાત્રદાન વગેરે ધર્મ કાર્યમાં લક્ષ્મી વાપરવાનો ભાવ આવે છે. જે લક્ષ્મી જિનેન્દ્રદેવની પૂજા-પ્રતિષ્ઠા વગેરે ધર્મકાર્યમાં વપરાય છે તે જ સફળ છે.

**एवं यः ज्ञात्वा विफलित लोकेभयः धर्मयुक्तोभ्यः ।**
**निरपेक्षः तां ददाति खलु तस्य भवेत् जीवितं सफलं ॥ २० ॥**

અર્થ :—જે પુરુષ, ઉપર કહ્યા પ્રમાણે જાણીને ધર્માત્મા જે નિર્ધનજન છે તેમને પ્રતિઉપકારની વાંચ્છારહિત થઈને તે લક્ષ્મીને આપે છે તેનું જીવન સફલ છે. ૨૦.

જેણે શુદ્ધ ચૈતન્યનો પ્રેમ કર્યો છે ને લક્ષ્મીનો પ્રેમ છોડયો છે એવા ધર્મી જીવને અન્ય નિર્ધન સાધર્મી વગેરેને જોતાં તેનો ઉપર વાત્સલ્યભાવ આવ્યા વિના રહેતો નથી,

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૧ ]

# હિતકારી નિયમ : શુદ્ધ રત્નત્રય

શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

શ્રી કુંદકુંદ આચાર્યદેવ કહે છે કે–'હું ભગવાનને નમસ્કાર કરીને કહું છું...શું કહું છું ? નિયમસાર કહું છું.

'નિયમસાર'નો અર્થ શું ? 'નિયમ' શબ્દ પ્રથમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માટે છે. આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષમાર્ગ રૂપ નિયમ છે. જેને મોક્ષમાં જવું હોય તેણે આવો નિયમ લેવો. લોકો કહે છે કે કાંઈક નિયમ બતાવો ! અહીં 'નિયમ' બતાવ્યો કે શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તે જ નિયમ છે, આમાં ભગવાનના દર્શન કરવાનો નિયમ આવી જાય છે.—કયા ભગવાન ? પોતાના ચૈતન્ય-પરમેશ્વર ભગવાનનાં દર્શન કરવા તે સમ્યગ્દર્શન છે. ચૈતન્યસ્વભાવનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર જેણે કર્યું તેણે 'નિયમ' લીધો. બહારમાં ભગવાનના દર્શનનો ભાવ તે શુભભાવ છે, તે ખરેખર મોક્ષમાર્ગનો નિયમ નથી. આ તો અંતરનો નિયમ છે કે "સમ્યક્-દર્શન-જ્ઞાન–ચારિત્રાણિમોક્ષમાર્ગઃ". આત્માનો નિયમ લેવો જોઈએ કે મારે મારા આત્માને વિકારવાળો ન માનવો, મારે વિકાર ન ખપે, મારે જ્ઞાન–આનંદમય આત્મા ખપે.—આવો નિયમ તે મોક્ષનો માર્ગ છે. નિયમ એટલે રત્નત્રય. આત્મા જ્ઞાનઆનંદમય છે, તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં રમણતા કરવી તેનું નામ નિયમ છે, તે 'નિયમ'થી મુક્તિ થયા વિના રહે નહિ.

નિયમ એટલે રત્નત્રય અને 'નિયમ' સાથે 'સાર' શબ્દ કહીને 'શુદ્ધ રત્નત્રય'નું સ્વરૂપ કહ્યું છે. શુદ્ધ રત્નત્રય એટલે રાગ રહિત નિર્વિકલ્પ રત્નત્રય; દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન કે પંચ મહાવ્રતના શુભભાવ તે અશુદ્ધ રત્નત્રય છે. શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, તેનું જ્ઞાન ને તેમાં રમણતા થવી તે શુદ્ધ રત્નત્રય છે. શુદ્ધ રત્નત્રય કહો કે નિશ્ચય રત્નત્રય કહો; વચ્ચે જે વ્યવહારરત્નત્રય આવે તે મલિન–રાગભાવ છે. અશુદ્ધ રત્નત્રય છે. શુભરાગ છે તે ખરેખર રત્નત્રય નથી પણ ઉપચારથી તેને રત્નત્રય કહેવાય છે. તે ખરેખર મોક્ષમાર્ગ નથી. 'શુદ્ધ રત્નત્રય' એમ કહીને અહીં નિશ્ચય રત્નત્રય બતાવ્યાં છે. તે જ ખરો મોક્ષમાર્ગ છે. શુભરાગને વ્યવહાર રત્નત્રય કહ્યા પણ તે ખરેખર રત્નત્રય નથી. કેમકે તે મોક્ષનું કારણ નથી. કેમ કે તે તો અભવ્ય પણ કરે છે, તે કાંઈ ખરાં રત્નત્રય નથી. 'નિયમસાર' એટલે શુદ્ધ રત્નત્રય; તે સિવાયના શુભરાગ તે નિયમનો સાર નથી. વચ્ચે શુભરાગનું વર્ણન આવે તે જાણવા

પૂરતું છે, પણ આદરણીય તો શુદ્ધ રત્નત્રય જ છે. એ રીતે 'નિયમસાર'નો અર્થ કર્યો.

આ નિયમસાર કેવું છે?

—કે કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે. ઠેઠ સર્વજ્ઞ કેવળી ભગવાન સાથે સંધિ કરીને કહ્યું કે કેવળી ભગવાને અને શ્રુતકેવળી ભગવાને કહેલું નિયમસાર હું કહીશ. કેવળીઓ તો સકલ પ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા છે; એવા કેવળીઓએ શુદ્ધ રત્નત્રયને મોક્ષમાર્ગ કહ્યો છે. શ્રુતકેવળીઓ તો સકલ દ્રવ્યશ્રુતના ધરનારા છે, તેવા કેવળી અને શ્રુત કેવળીઓએ જે કહ્યું ને પોતે જે અનુભવ્યું તે જ આચાર્યદેવે કહ્યું છે.

વળી આ નિયમસાર કેવું છે?

—કે સકલ ભવ્ય જીવોના સમૂહને હિતકારી છે. જે પાત્ર જીવો છે તે બધાયને આ નિયમસાર હિતકારી છે. આ નિયમસાર એટલે કે શુદ્ધ રત્નત્રય તે જ સર્વે જીવોને હિતકારી છે. વ્યવહાર રત્નત્રય તે ખરેખર જીવને હિતકર નથી. રાગ તો બંધનું કારણ છે, તે હિતકર નથી. નિયમસારમાં કહેલું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ જ સર્વે ભવ્ય જીવોને હિતકારી છે; આવું નિયમસાર પરમાગમ છે. ઠેઠ ભગવાનની વાણીની પરંપરાથી પ્રવર્તી રહ્યું છે; ભાવલિંગી નિર્ગ્રંથ સંતોએ પરંપરાએ ઝીલેલું છે. આવું નિયમસાર હું કહું છું.

આમ વિશિષ્ટ ઇષ્ટદેવતા શ્રી સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર કરીને શ્રી કુંદકુંદ આચાર્યદેવે નિયમસાર કહેવાની પ્રતિજ્ઞા કરી.

—આ પ્રમાણે પહેલી ગાથાના સર્વ પદોનું તાત્પર્ય કહ્યું, મૂળ સૂત્રના પદોમાં જે રહસ્ય હતું તે ટીકામાં ખૂલ્લું કર્યું.

હવે પહેલી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે:—

શ્લોકાર્થ:—શુદ્ધભાવ વડે મારનો (કામનો) જેણે નાશ કર્યો છે, ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે, પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે, દેવોના સમાજ જેને નમે છે, જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે, સમવસરણમાં જેનો નિવાસ છે અને કેવળ શ્રી (–કેવળજ્ઞાન–દર્શનરૂપી લક્ષ્મી) જેનામાં વસે છે, તે વીર જગતમાં જયવંત વર્તે છે.

સર્વજ્ઞ પરમાત્મા જગતમાં જયવંત વર્તે છે. કેવા છે તે સર્વજ્ઞ પરમાત્મા! જેમણે આત્માના શુદ્ધભાવ વડે મારનો નાશ કર્યો છે. માર એટલે કામદેવ, હિંસા અથવા મરણ, તે ત્રણેનો સર્વજ્ઞદેવે આત્માની પવિત્રતા વડે નાશ કર્યો છે.

વળી તે ભગવાન મહાવીર સર્વજ્ઞ પરમાત્મા ત્રણ ભુવનને પૂજ્ય છે. અજ્ઞાનીઓ ન માને તેની ગણતરી નથી. ત્રણ ભુવનમાં જે મોટા ઈન્દ્રો–ચક્રવર્તીઓ વગેરે છે તે

બધાય સર્વજ્ઞદેવને માને છે. હે નાથ! આપને જે ઓળખે તેને જ આપ પૂજ્ય છો. જે આપને ન ઓળખે તેની અહીં ગણતરી નથી. પોતાને પૂજ્ય છે, માટે ત્રણલોકને પૂજ્ય છે—એમ કહે છે.

વળી સર્વજ્ઞદેવને ત્રણલોકનું રાજ્ય છે. તેમના જ્ઞાન-સામ્રાજ્યમાં ત્રણલોક આવી જાય છે. પૂર્ણ જ્ઞાનમાં શું ન જણાય? લોકાલોક જણાય છે.

સર્વજ્ઞ ભગવાનને સ્વર્ગના દેવોનાં ટોળેટોળાં નમે છે. મનુષ્યો તો નમે, તેમાં શું આશ્ચર્ય? પણ સ્વર્ગના દેવો અને ઇંદ્રો પણ ભગવાનના ચરણે નમે છે. પોતાને સ્વર્ગની ઋદ્ધિ મળી છતાં તેનો આદર ન કરતાં ભગવાનનો આદર કરે છે કે હે નાથ! સાચી કેવળજ્ઞાનની ઋદ્ધિ તો આપ પામ્યા છો. આ પુણ્યની ઋદ્ધિ અમારે આદરણીય નથી. આદરણીય તો આ કેવળજ્ઞાનની ઋદ્ધિ છે. હે પ્રભો! આપની કેવળજ્ઞાનની ઋદ્ધિ ઉપર અમે ફિદા છીએ. આ બહારની સ્વર્ગાદિની ઋદ્ધિ તો જડ છે, તેના સ્વામી અમે નથી. અમે તો ચૈતન્યની ઋદ્ધિના સ્વામી છીએ. જે ઋદ્ધિ આપને પ્રગટી તે ઋદ્ધિ અમને હો—એવી ભાવનાથી હે નાથ! આપને દેવો નમસ્કાર કરે છે.

મહાવીર ભગવાને જન્મવૃક્ષના બીજનો નાશ કર્યો છે ને સમવસરણમાં બિરાજે છે. આ ટીકા લખાઈ છે ત્યારે તો મહાવીર ભગવાન મોક્ષમાં પધાર્યા છે, છતાં જાણે કે પોતાની સમક્ષ જ મહાવીર પરમાત્મા બિરાજી રહ્યા હોય એમ લક્ષમાં લઈને કહે છે કે ભગવાન સમવસરણમાં બિરાજે છે ને ઇન્દ્રો આવીને નમે છે. ભગવાનની દિવ્યધ્વનિનો ધોધ નીકળ્યો તેમાં જે કહેવાયું તેમાંથી હું કહીશ. સર્વજ્ઞની વાણીની પરંપરા અમારી પાસે આવી ને અમને તેનો ભાવ સમજાયો. તેથી ભગવાન અત્યારે પણ જાણે સમવસરણમાં બિરાજતા હોય ને દિવ્યધ્વનિ છૂટતી હોય તેમ અહીં પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞને સમીપ કરીને આચાર્ય દેવ કહે છે કે હે નાથ! આપ સમવસરણમાં અમારી સમીપે જ બિરાજી રહ્યા છો. આપની દિવ્યધ્વનિની પરંપરા અમને મળી માટે આપ જ અમારી સમક્ષ બિરાજતા હો—એવું અમને લાગે છે. એમ કહીને આચાર્ય દેવે ભગવાનને પોતાના ભાવમાં ઉતાર્યા છે.

ભગવાન સર્વજ્ઞદેવના આત્મામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપી લક્ષ્મીનો વાસ છે. આવી લક્ષ્મી જ અમારે આદરણીય છે. આત્મામાં જડની લક્ષ્મી વસતી નથી. ભગવાન સમવસરણમાં વસે છે, ને ભગવાનમાં કેવળજ્ઞાનલક્ષ્મી વસે છે. જગતની જડ લક્ષ્મીની પ્રીતિ છોડાવીને જ્ઞાન લક્ષ્મીની પ્રીતિ કરાવવા માટે કેવળ-જ્ઞાનને લક્ષ્મીની ઉપમા આપી. આવા ભગવાન મહાવીર જગતમાં જયવંત વર્તે છે. અમારું જ્ઞાન જયવંત વર્તે છે. માટે ભગવાન પણ જયવંત વર્તે છે-એમ કહ્યું.

ભગવાનનાં શાસ્ત્ર છે તેનો ભાવ પોતામાં જયવંત વર્તે છે તેથી જાણે ભગવાન જ અમારી સામે સમવસરણમાં બિરાજતાં જયવંત વર્તે છે—એવો આનંદ ને ઉલ્લાસ થાય છે.

એ રીતે "ભગવાન જયવંત વર્તે છે" એમ કહીને માંગલિક કર્યું

હવે બીજી ગાથામાં મોક્ષમાર્ગ અને તેના ફળનું કથન કરે છે:

છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;
ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.

અર્થ :—માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે; માર્ગ મોક્ષોપાય છે અને તેનું ફળ નિર્વાણ છે. ૨

માર્ગ એટલે મોક્ષનો પંથ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે. માર્ગ તે આત્માની નિર્મળ વીતરાગી સાધકદશા છે, ને પૂર્ણ નિર્મળ મોક્ષપદની પ્રાપ્તિ તે માર્ગનું ફળ છે. સ્વર્ગ મળે તે મોક્ષમાર્ગનું ખરું ફળ નથી. તે તો રાગનું ફળ છે. જેમ કોઈ નગરમાં જવાની સડક હોય તેમ મોક્ષનગરની સડક કઈ?—કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે માર્ગ છે તે મોક્ષનગરની સડક છે ને મોક્ષદશા પ્રગટે તે માર્ગનું ફળ છે. એ બન્નેનું કથન જિનશાસનમાં કરવામાં આવ્યું છે. જિનશાસન સિવાય બીજે ક્યાંય માર્ગનું કે માર્ગના ફળનું યથાર્થ કથન ન હોય.

મોક્ષનો ઉપાય તે માર્ગ ને નિર્વાણ-સિદ્ધિપદ તે માર્ગનું ફળ છે. પહેલાં માર્ગ શું તે નક્કી કરવું જોઈએ. માર્ગનું સ્વરૂપ સર્વજ્ઞના શાસન સિવાય બીજે યથાર્થ હોય નહિ.

(ક્રમશઃ)

—૦—

## 卐 આત્મસ્વભાવનો મહિમા લાવ 卐

અહો! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી—એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાંસુધી ખરો મહિમા આવે નહિ, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## સુવર્ણપુરી સમાચાર :—

### * મંગળમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૦મો ભવ્ય જન્મોત્સવ *

તા. ૨૧ થી ૨૫ ઓગસ્ટ—પાંચ દિવસનો આ જન્મજયંતી મહોત્સવ શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળે અતિ આનંદોલ્લાસપૂર્વક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ સોનગઢમાં ઉજવ્યો હતો. એમની આકર્ષક નિમન્ત્રણપત્રિકા ગુજરાતી તથા હિન્દી મુમુક્ષુસમાજને મોકલાવી હતી, જે વાંચીને સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, કલકતા, મદ્રાસ તથા અન્ય અનેક સ્થળેથી આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા લગભગ બે હજારથી અધિક ગુજરાતી–હિન્દી મુમુક્ષુ મેહમાન આવ્યા હતા. રહેવાની તથા ભોજન આદિ બધી વ્યવસ્થા સમુચિત તથા સુન્દર હતી. વાતાવરણ અતિ આનંદપૂર્ણ હતું. શ્રી જિનમન્દિર, સ્વાધ્યાયમન્દિર, પરમાગમમન્દિર તથા ગોગીદેવી કુમારી બ્રહ્મચર્યાશ્રમ વિવિધરંગી રોશનીથી સજાવ્યું હતું. જન્મજયંતી નિમિત્તે પાંચે દિવસ 'શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડળ વિધાન પૂજા' શ્રી પરમાગમ મંદિરમાં કરવામાં આવી હતી.

શ્રી મંડળ વિધાન પૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું અધ્યાત્મરસસભર ટેપ-પ્રવચન તથા બપોરે વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલીનું શ્રી પ્રવચનસારની ૩૩મી ગાથા પર અધ્યાત્મ રસયુક્ત અને વીતરાગ દેવ-ગુરુ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિરસથી ભરપૂર શાસ્ત્ર-પ્રવચન, ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીના ભાઈ તથા આપણા મુમુક્ષુ સમાજના આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા ભાવવાહી સુન્દર ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવનું અધ્યાત્મમસ્તી યુક્ત ટેપ પ્રવચન તથા ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશીનું 'બહેનશ્રીનાં વચનામૃત' પર તત્ત્વસ્પર્શી ભાવવાહી પ્રવચન વગેરે પ્રત્યેક દિવસના પ્રભાવનાવર્ધક કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. બધા કાર્યક્રમોમાં પરમાગમમન્દિર મુમુક્ષુઓથી ગીચોગીચ ભરાઈ જતું હતું.

શ્રી હિંમતભાઈ ડગલીએ 'શ્રુતકેવળી'ની વ્યાખ્યા કરતા કહ્યું હતું કે 'જે ભાવશ્રુતજ્ઞાનથી કેવળ આત્માનો અનુભવ કરે છે તે શ્રુતકેવળી છે એમ ઋષીશ્વરો તથા તીર્થંકરોએ ઘોષણા કરી છે. તેથી એ સિદ્ધિ થાય છે કે સ્વાનુભૂતિ પરિણત પરમ પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પોતાના ભાવશ્રુતજ્ઞાનથી કેવળ આત્માના અનુભવ યુક્ત હોવાથી, આપણા મુમુક્ષુસમાજના મહાન ઉપકારી, તે બન્ને મહાત્મા શ્રુતકેવળી છે. સ્વાનુભવ વિભૂષિત આત્માને ધર્મરત્ન, ધર્મમૂર્તિ, ચૈતન્યરત્ન, ધર્મની શોભા ઇત્યાદિ મહાન વિશેષણોથી વિભૂષિત કરવા તે કોઈ અતિશયોક્તિ નથી, કેમકે ઋષીશ્વરોએ તો તેને 'શ્રુતકેવળી' કહી દીધું છે.' એવા અનેક યુક્તિસંગત ન્યાયો તથા ભક્તિરસસભર એમના શાસ્ત્રપ્રવચનથી મુમુક્ષુસમાજ ખૂબજ પ્રસન્ન થયો હતો.

સ્વાધ્યાયમંદિરમાં રાખવામાં આવેલ પૂજ્ય બહેનશ્રીના જન્મધામનું મોડલ, કાંચથી મઢેલું શ્રી સીમંધર ભગવાનનું સમવસરણ તથા એમાં ઉપસ્થિત શ્રી કુંદકુંદાચાર્યદેવ, રાજકુમાર (પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો પૂર્વભવ), દેવરાજ (પૂજ્ય બહેનશ્રીનો પૂર્વભવ), હાથીની અંબાડી પર તથા રથમાં બેસીને સમવસરણમાં જતાં રાજકુમાર તથા દેવરાજ ઈત્યાદિ મનમોહક રમણીય પ્રતિકૃતિ ખૂબ જ સુંદર દર્શનીય હતી.

રક્ષાબંધન પર્વ શ્રી અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિરાજ તથા શ્રી વિષ્ણુકુમાર મુનિરાજની પૂજા-ભક્તિ પૂર્વક મનાવ્યા હતો. શ્રાવણવદ એકમના દિવસે વિશાળ તથા ભવ્ય જિનેન્દ્રરથયાત્રા કરવામાં આવી હતી, જેથી અનોખી વ્યવહાર–ધર્મપ્રભાવના થઈ હતી.

આ મંગલકારી મહોત્સવમાં દરેક મુમુક્ષુને અતિ આનન્દોલ્લાસ થતો હતો. જન્મ-જયંતીના શુભ દિવસે પ્રાતઃ ૫ વાગ્યે કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ હતી. ભગવાન શ્રી સીમંધરનાથ સ્વામી આદિ જિનેન્દ્ર ભગવંતોના દર્શન કરતાં પૂજ્ય બહેનશ્રીની વીડિયો ટેપ લીધી હતી. પૂજા તથા ટેપ પ્રવચન બાદ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપકાર છાયામાં પૂજ્ય બહેનશ્રી પ્રતિ બહુમાનાંજલિના રૂપમાં સર્વશ્રી હિંમતભાઈ ડગલી, શશિકાન્તભાઈ શેઠ, ઘાટકોપર મંડળના મંત્રી શ્રી રસિકભાઈ ડગલી તથા રસિકભાઈ ધોળકિયાએ પોતાના સુંદર તથા સંક્ષિપ્ત વકતવ્યો પ્રસ્તુત કર્યા હતા.

હિંમતભાઈ ડગલીએ ભાવવિભોર થઈને ઉત્પ્રેક્ષાલંકારથી કહ્યું હતું કે સ્વાનુભૂતિ-વિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીને રત્નમંડિત સુવર્ણરથમાં બિરાજમાન કરવામાં આવે, ૧૦૧ વર્ષના વયોવૃદ્ધ સર્વ મુમુક્ષુઓના માનનીય શ્રી રામજીભાઈ દોશી તે રથના સારથી બને, બહેનશ્રીના બન્ને ભાઈ શ્રી વૃજલાલભાઈ તથા આદણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ બન્ને તરફ ચામર ઢાળવાવાળા બને તથા તે રથને ધર્મપ્રભાવના માટે મુમુક્ષુઓના વિશાળ વૃંદ સાથે આખા ભારતમાં ફેરવાય અને તે સમયે આનંદ-વિભોર થઈને મુમુક્ષુસમાજ સ્વર્ગમાં બિરાજમાન કૃપાસાગર પરમ પૂજ્ય કહાન ગુરુદેવને પૂછે કે—હે ગુરુદેવ! આપની આજ્ઞા અનુસાર પૂજ્ય બહેનશ્રીનું અમે બહુમાન કરી રહ્યા છીએ, હવે તો બરાબર છે ને? એના પ્રત્યુતરમાં પૂજ્ય ગુરુદેવશ્રી સ્વર્ગમાંથી જવાબ આપશે કે મારા હિસાબે તો હજી ઓછું છે. બેન (બહેનશ્રી) માટે તો લોકો જેટલું કરે એટલું ઓછું છે.—આ સાંભળીને આખો સમાજ આનંદથી પુલકિત થઈ ઉઠયો હતો.

બહુમાનજલિ–સમર્પણ બાદ મુમુક્ષુઓ તરફથી જાહેર થયેલી દાનરાશિની જાહેરાત થઈ હતી.

ત્યારબાદ આખો સમાજ પૂજ્ય બહેનશ્રીનાં દર્શન તથા એમના પ્રતિ જન્મજયંતી

સ્વાધ્યાયમંદિરમાં રાખવામાં આવેલ પૂજ્ય બહેનશ્રીના જન્મધામનું મોડલ, કાંચથી મઢેલું શ્રી સીમંધર ભગવાનનું સમવસરણ તથા એમાં ઉપસ્થિત શ્રી કુંદકુંદાચાર્યદેવ, રાજકુમાર (પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો પૂર્વભવ), દેવરાજ (પૂજ્ય બહેનશ્રીનો પૂર્વભવ), હાથીની અંબાડી પર તથા રથમાં બેસીને સમવસરણમાં જતાં રાજકુમાર તથા દેવરાજ ઈત્યાદિ મનમોહક રમણીય પ્રતિકૃતિ ખૂબ જ સુંદર દર્શનીય હતી.

રક્ષાબંધન પર્વ શ્રી અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિરાજ તથા શ્રી વિષ્ણુકુમાર મુનિરાજની પૂજા-ભક્તિ પૂર્વક મનાવ્યા હતો. શ્રાવણવદ એકમના દિવસે વિશાળ તથા ભવ્ય જિનેન્દ્રરથયાત્રા કરવામાં આવી હતી, જેથી અનોખી વ્યવહાર–ધર્મપ્રભાવના થઈ હતી.

આ મંગલકારી મહોત્સવમાં દરેક મુમુક્ષુને અતિ આનન્દોલ્લાસ થતો હતો. જન્મજયંતીના શુભ દિવસે પ્રાતઃ ૫ વાગ્યે કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ હતી. ભગવાન શ્રી સીમંધરનાથ સ્વામી આદિ જિનેન્દ્ર ભગવંતોના દર્શન કરતાં પૂજ્ય બહેનશ્રીની વીડિયો ટેપ લીધી હતી. પૂજા તથા ટેપ પ્રવચન બાદ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપકાર છાયામાં પૂજ્ય બહેનશ્રી પ્રતિ બહુમાનાંજલિના રૂપમાં સર્વશ્રી હિંમતભાઈ ડગલી, શશિકાન્તભાઈ શેઠ, ઘાટકોપર મંડળના મંત્રી શ્રી રસિકભાઈ ડગલી તથા રસિકભાઈ ધોળકિયાએ પોતાના સુંદર તથા સંક્ષિપ્ત વક્તવ્યો પ્રસ્તુત કર્યા હતા.

હિંમતભાઈ ડગલીએ ભાવવિભોર થઈને ઉત્પ્રેક્ષાલંકારથી કહ્યું હતું કે સ્વાનુભૂતિ-વિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીને રત્નમંડિત સુવર્ણરથમાં બિરાજમાન કરવામાં આવે, ૧૦૧ વર્ષના વયોવૃદ્ધ સર્વ મુમુક્ષુઓના માનનીય શ્રી રામજીભાઈ દોશી તે રથના સારથી બને, બહેનશ્રીના બન્ને ભાઈ શ્રી વૃજલાલભાઈ તથા આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ બન્ને તરફ ચામર ઢાળવાવાળા બને તથા તે રથને ધર્મપ્રભાવના માટે મુમુક્ષુઓના વિશાળ વૃંદ સાથે આખા ભારતમાં ફેરવાય અને તે સમયે આનંદ-વિભોર થઈને મુમુક્ષુસમાજ સ્વર્ગમાં બિરાજમાન કૃપાસાગર પરમ પૂજ્ય કહાન ગુરુદેવને પૂછે કે—હે ગુરુદેવ! આપની આજ્ઞા અનુસાર પૂજ્ય બહેનશ્રીનું અમે બહુમાન કરી રહ્યા છીએ, હવે તો બરાબર છે ને? એના પ્રત્યુતરમાં પૂજ્ય ગુરુદેવશ્રી સ્વર્ગમાંથી જવાબ આપશે કે મારા હિસાબે તો હજી ઓછું છે. બેન (બહેનશ્રી) માટે તો લોકો જેટલું કરે એટલું ઓછું છે.—આ સાંભળીને આખો સમાજ આનંદથી પુલકિત થઈ ઉઠયો હતો.

બહુમાનજલિ–સમર્પણ બાદ મુમુક્ષુઓ તરફથી જાહેર થયેલી દાનરાશિની જાહેરાત થઈ હતી.

ત્યારબાદ આખો સમાજ પૂજ્ય બહેનશ્રીનાં દર્શન તથા એમના પ્રતિ જન્મજયંતી

લાઠી તરફથી ૨૦% (કુલ ૪૦%) કિંમત ઘટાડાથી પુસ્તકનું વેચાણ રાખવામાં આવ્યું હતું.

* પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેનનો ૭૦ મો મંગલકારી જન્મજયંતી મહોત્સવ સુવર્ણપુરીમાં ઉજવવાનો અપૂર્વ લાભ શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડલ ઘાટકોપરને સાંપડયો હતો. પાંચ દિવસનો આ જન્મજયંતી મહોત્સવ ઉજવવાનો તેઓના મંડળને ખૂબ જ ઉત્સાહ હતો. મંડળના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓ, કાર્યકરો તેમ જ ઉત્સાહી મુમુક્ષુઓ ઘણા દિવસો અગાઉ સોનગઢ આવી ગયા હતા અને મહેમાનોને રહેવાની, જમવાની આદિ સુંદર વ્યવસ્થા કરી હતી. આ મંગલકારી મહોત્સવના કાયમી સંભારણા તરીકે જન્મજયંતીના વિવિધ કાર્યક્રમોની તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિના બધા જિનાયતનો, શ્રી સ્વાધ્યાયમંદિર, પરિવર્તન-સ્થાન આદિની વીડિયો ઉતારી હતી. ઘાટકોપર મુમુક્ષુ મંડળના સભ્યોએ તન-મન-ધનથી ઉત્સાહ પૂર્વક આ મંગલકારી જન્મજયંતી મહોત્સવનું પ્રશંસનીય આયોજન કર્યું હતું.

—એ રીતે ૭૦ મી જન્મજયંતીના આહ્‌લાદકારી સંસ્મરણોને હૃદયપટમાં અંકિત કરતો આ મંગલકારી જન્મજયંતી મહોત્સવ આગામી જન્મજયંતીની પ્રતિક્ષા પૂર્વક સાનંદ સમ્પન્ન થયો હતો.

* પૂજ્ય ગુરુદેવની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં નિત્ય ધાર્મિકક્રમ—પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા, બે સમય પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક રસસભર ટેપ પ્રવચન, બપોરે ૩ા વાગ્યે 'પ્રવચનસાર' પર શાસ્ત્રવચનિકા, જિનેન્દ્રભક્તિ નિયમિત ચાલે છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થય પહેલાની અપેક્ષાએ સાધારણ સારું છે. એમના પાવન દર્શન તથા એમની સ્વાનુભવ પ્રધાન અધ્યાત્મવાણીનો મુમુક્ષુ સમાજને કયારેક લાભ મળે છે.

❀ આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિમ્મતલાલ જે. શાહ (પૂજ્ય બહેનશ્રીના ભાઈ) કે જેઓએ ભગવત્કુંદકુંદાચાર્યદેવના સમયસાર આદિ પંચ પરમાગમોનું ગુજરાતી ભાષામાં ખૂબ જ સુંદર રીતે ગદ્ય-પદ્યાનુવાદ કરીને મુમુક્ષુસમાજ ઉપર વિશેષ ઉપકાર કર્યો છે, એમની ૭૯મી વરસગાંઠ શ્રાવણ વદ ૧૪ ના દિવસે પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન બાદ માનનીય શ્રી રામજીભાઈ દોશીના આદેશથી બ્ર. શ્રી ચન્દુભાઈએ બે શબ્દોથી આદરણીય પંડિતજી પ્રત્યે એમના ગુણાનુવાદ દ્વારા ટ્રસ્ટ તથા સમસ્ત મુમુક્ષુસમાજ તરફથી ઉપકૃતભાવભીની બહુમાનાંજલિ સમર્પિત કરી હતી. પંડિતજી પ્રત્યે આદરપૂર્ણ બહુમાન વ્યક્ત કરવા ઉપસ્થિત મુમુક્ષુસમાજ દ્વારા '૭૯'ના અંકમાં રૂા. ૪૧૮૦ની રકમ શ્રી નંદીશ્વર-જિનાલય ખાતે જાહેર કરવામાં આવી હતી.

લાઠી તરફથી ૨૦% (કુલ ૪૦%) કિંમત ઘટાડાથી પુસ્તકનું વેચાણ રાખવામાં આવ્યું હતું.

* પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેનનો ૭૦ મો મંગલકારી જન્મજયંતી મહોત્સવ સુવર્ણપુરીમાં ઉજવવાનો અપૂર્વ લાભ શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડલ ઘાટકોપરને સાંપડયો હતો. પાંચ દિવસનો આ જન્મજયંતી મહોત્સવ ઉજવવાનો તેઓના મંડળને ખૂબ જ ઉત્સાહ હતો. મંડળના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓ, કાર્યકરો તેમ જ ઉત્સાહી મુમુક્ષુઓ ઘણા દિવસો અગાઉ સોનગઢ આવી ગયા હતા અને મહેમાનોને રહેવાની, જમવાની આદિ સુંદર વ્યવસ્થા કરી હતી. આ મંગલકારી મહોત્સવના કાયમી સંભારણા તરીકે જન્મજયંતીના વિવિધ કાર્યક્રમોની તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિના બધા જિનાયતનો, શ્રી સ્વાધ્યાયમંદિર, પરિવર્તન-સ્થાન આદિની વીડિયો ઉતારી હતી. ઘાટકોપર મુમુક્ષુ મંડળના સભ્યોએ તન-મન-ધનથી ઉત્સાહ પૂર્વક આ મંગલકારી જન્મજયંતી મહોત્સવનું પ્રશંસનીય આયોજન કર્યું હતું.

—એ રીતે ૭૦ મી જન્મયંતીના આહ્લાદકારી સંસ્મરણોને હૃદયપટમાં અંકિત કરતો આ મંગલકારી જન્મજયંતી મહોત્સવ આગામી જન્મજયંતીની પ્રતિક્ષા પૂર્વક સાનંદ સમ્પન્ન થયો હતો.

* પૂજ્ય ગુરુદેવની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં નિત્ય ધાર્મિકક્રમ—પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા, બે સમય પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક રસસભર ટેપ પ્રવચન, બપોરે ૩ા વાગ્યે 'પ્રવચનસાર' પર શાસ્ત્રવચનિકા, જિનેન્દ્રભક્તિ નિયમિત ચાલે છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થય પહેલાની અપેક્ષાએ સાધારણ સારું છે. એમના પાવન દર્શન તથા એમની સ્વાનુભવ પ્રધાન અધ્યાત્મવાણીનો મુમુક્ષુ સમાજને કયારેક લાભ મળે છે.

* આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિમ્મતલાલ જે. શાહ (પૂજ્ય બહેનશ્રીના ભાઈ) કે જેઓએ ભગવત્કુંદકુંદાચાર્યદેવના સમયસાર આદિ પંચ પરમાગમોનું ગુજરાતી ભાષામાં ખૂબ જ સુંદર રીતે ગદ્ય-પદ્યાનુવાદ કરીને મુમુક્ષુસમાજ ઉપર વિશેષ ઉપકાર કર્યો છે, એમની ૭૬મી વરસગાંઠ શ્રાવણ વદ ૧૪ ના દિવસે પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન બાદ માનનીય શ્રી રામજીભાઈ દોશીના આદેશથી બ્ર. શ્રી ચન્દુભાઈએ બે શબ્દોથી આદરણીય પંડિતજી પ્રત્યે એમના ગુણાનુવાદ દ્વારા ટ્રસ્ટ તથા સમસ્ત મુમુક્ષુસમાજ તરફથી ઉપકૃતભાવભીની બહુમાનાંજલિ સમર્પિત કરી હતી. પંડિતજી પ્રત્યે આદરપૂર્ણ બહુમાન વ્યક્ત કરવા ઉપસ્થિત મુમુક્ષુસમાજ દ્વારા '૭૬'ના અંકમાં રૂા. ૪૧૮૦ની રકમ શ્રી નંદીશ્વર-જિનાલય ખાતે જાહેર કરવામાં આવી હતી.

૫૨૫૦/- શ્રી પ્રવીણચંદ્ર હરિલાલ દોશી, બેંગલોર

૫૦૫૩/- શ્રી જયાબેન છબીલદાસ વારિયા, મહુવા

૫૦૦૭/- શ્રી પ્રભાબેન રતિલાલ મહેતા, પાર્લા

૫૦૦૧/- શ્રી ચન્દ્રમણીબેન મણિલાલ શાહ, ભાવનગર

૩૧૦૧/- શ્રી ગુલાબબેન, શાન્તાબેન, અચરજબેન, બ્ર. ચંદ્રપ્રભાબેન, બ્ર. જશવંતીબેન

૩૦૧૦/- શ્રી મનહરલાલ પોપટલાલ શેઠ, બેંગલોર

૨૫૦૫/- શ્રી રમાબેન કાંતિલાલ બાયાણી, મુંબઈ

— ૦ —

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૦ મી જન્મજયંતીના
મંગલ અવસર પર જાહેર થયેલી દાનરાશિ

રૂ. ૧૫ લાખ ૧૨ હજાર—શ્રી નંદીશ્વરજિનાલય, સમાધિમંદિર તેમ જ ગુરુદેવની સાધનાભૂમિ—સોનગઢ તીર્થધામના વિકાસ ફંડમાં

૬૨ હજાર—પૂજ્ય બહેનશ્રીની ૭૦ મી જન્મજયંતીના હર્ષોપલક્ષમાં ૭૦ ના અંકમાં વિવિધ ખાતાઓમાં

૩૧ હજાર—પૂજ્ય બહેનશ્રીને ૭૦ મી જન્મજયંતી પ્રસંગે હીરાથી વધાવવાની ખુશાલીમાં વિવિધ ખાતાઓમાં

૧૦ હજાર—રથયાત્રા તથા આરતીની ઉછામણીમાં

૬ હજાર—નંદીશ્વર આદિ ખાતાઓમાં છૂટી છૂટી રકમ

૨૫૮૯૮—પૂજ્ય બહેનશ્રીના ૭૦ મી જન્મજયંતીના મંગલકારી દિવસે તેઓશ્રીના દર્શન સમયે બહેનશ્રીના ચરણે આવેલી રકમ.

---

રૂ. ૧૬,૪૬,૮૯૮/-

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૦ મી જન્મ-જયંતીના હર્ષોપલક્ષમાં

## જાહેર થયેલી દાનરાશિ

૬૧૦૪ ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ ઘાટકોપર
૩૧x૭૦ દિ. જૈન મુમુક્ષુ મંડળ મુંબઈ
" ઉપનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ મલાડ
૨૫x૭૦ જડાવબેન નાનાલાલ જસાણી પરિવાર મુંબઈ
૨૧x૭૦ વ્રજલાલ મગનલાલ શાહ જલગાંવ
૧૧x૭૦ ચીમનલાલ છોટાલાલ ઝોબાળિયા મુંબઈ
" રંભાબેન પોપટલાલ વોરા મુંબઈ
" જયંતિલાલ ચીમનલાલ શાહ મુંબઈ
" ચીમનલાલ ઠાકરશીભાઈ તથા
મીરધરલાલ ઠાકરશી મલાડ
" મુક્તાબેન હિંમતલાલ ડગલી વીંછીયા
" ભગવંત મહેતા તથા પરિવાર ગૌહતી
" જયકુમારજી તથા જ્ઞાનચંદજી દિલ્હી
૭x૭૦ શારદાબેન શાન્તીલાલ શાહ મુંબઈ
" પોપટલાલ છગનલાલ શાહ લીંબડી
૫x૭૦ રસીકલાલ વીકમચંદ સંઘવી કલકત્તા
" બાબુલાલ ત્રિભોવનદાસ ઝવેરી મુંબઈ
" બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાલીયા સોનગઢ
" જગજીવન ચતુરભાઈ સુરેન્દ્રનગર
" લીલાબેન ધીરજલાલ બોરડીયા મુંબઈ
" ચંપાબેન તખ્તરાજજી કલકત્તા
" ડૉ. પ્રવીણભાઈ દોશી રાજકોટ
" જમશેદપુર મુમુક્ષુ મંડળ જમશેદપુર
" ચંપકલાલ વીકમચંદ સંઘવી મુંબઈ
" હીરાલાલજી કાલા ભાવનગર
" વ્રજલાલ જેઠાલાલ તથા
પંડિતજી હીંમતલાલ જે. શાહ સોનગઢ
" ફુલચંદ હંસરાજ દોશી મોરબી

૫x૭૦ શાંતિલાલ ચુનીલાલ ખાટડીયા મુંબઈ
" કહાન ટ્રેડર્સ જામનગર
" કુસુમબેન અમૃતલાલ બાવીશી અબુધાબી
" રાજકોટ દિ. જૈન સંઘ રાજકોટ
" અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન મુંબઈ
" મોરબી દિ. જૈન મુમુક્ષુ મંડળ હ. રતીભાઈ
" હસમુખલાલ કાંતિલાલ ગાંધી ભાવનગર
" રામજીભાઈ માણેકચંદ દોશી
હ. સુમનભાઈ સોનગઢ
" છોટાલાલ લલુભાઈ અજમેરા દામનગર
" સવીતાબેન વ્રજલાલ શાહ ડેલીવાળા સુરત
" ઝવેરીબેન પુ. કામદાર મુંબઈ
" કેશવલાલ વાલજી ઝવેરી મુંબઈ
" ચંપકલાલ કસ્તુરચંદ ડગલી વીંછીયા
" ધરમશી નાનચંદભાઈ ગાંધી
હ. ચંદુભાઈ આણંદવાળા
" ચાંદમલ શરદકુમાર પરિવાર ઉજ્જૈન
૪x૭૦ કમળાબેન ચંદુલાલ શાહ મુંબઈ
૩x૭૦ હીરાચંદ ત્રિભોવનદાસ દામાણી સોનગઢ
" જીજીબેન બેચરદાસ મોદી
હ. મોહનભાઈ ઘાટકોપર
" બાબુલાલજી જૈન બોરીવલી
" શારદાબેન રમણીકલાલ શાહ વઢવાણ
" શાંતીલાલ ઠાકરશી શાહ ઘાટકોપર
" બલુભાઈ ચુનીલાલ શાહ મુંબઈ
" સોની ઉજમશી પ્રેમચંદ વઢવાણ
હ. અશોકકુમાર
" વારીયા સુંદરજી વીરજીભાઈ જામનગર

૩×૭૦ અજવાળીબેન શાંતીલાલ ઝોબાલીયા
„ ચંપકલાલ મોહનલાલ ડગલી મુંબઈ
„ મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ સોલાપુર
૨×૭૦ શશીકાંત શાન્તીલાલ મહેતા
„ ચંદુલાલ મોહનલાલ મહેતા સુરેન્દ્રનગર
„ અંબાલાલ કેશવલાલ શાહ દહેગામ
„ ચંદ્રકાંત હરીલાલ દોશી મુંબઈ
„ નૌતમલાલ હરીલાલ દોશી મુંબઈ
„ મધુબેન ભાઈલાલ દોશી માટુંગા
„ બાબુલાલ કેશવલાલ શાહ દહેગામ
„ ભાનુબેન ખીમચંદ શેઠ રાજકોટ
„ હસમુખરાય મગનલાલ પારેખ સોનગઢ
„ બાબુલાલ નાનજી શાહ મુંબઈ
„ જામનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ મુંબઈ
„ કેશવલાલ મહીજીભાઈ જલગાંવવાળા
„ હસમુખરાય રતિલાલ દોશી પાર્લા
„ સવિતાબેન જેઠાલાલ શાહ મુંબઈ
„ હરીભાઈ પરબતભાઈ પટેલ સુરત
„ પ્રવીણાબેન શાહ મસ્કત
„ ધીરૂભાઈ શાહ મસ્કત
„ નેમીદાસ ખુશાલદાસ ઢાકી પોરબંદર
„ મનસુખલાલ છોટાલાલ ઝોબાલીયા મુંબઈ
„ અનીલકુમાર અનોપચંદ ઉદાણી મુંબઈ
„ રતીલાલ મોહનલાલ ઘીયા રાજકોટ
„ જગજીવન નાગરદાસ જોબાલીયા
હ. ધરમચંદભાઈ સોનગઢ
„ વિમળાબેન અમૃતલાલ શાહ
„ દિ. જૈન મુમુક્ષુ મંડળ વઢવાણસીટી
„ મણીલાલ તલકશી દોશી વઢવાણસીટી
„ કાલીદાસ હકમચંદ કામદાર મુંબઈ

૨×૭૦ શામજી ભાણજી ગોરેગાંવ
„ વિરચંદભાઈ કાનજીભાઈ મોટાણી કલકતા
„ કપુરચંદભાઈ વોરા કલકતા
„ દિ. જૈન મુમુક્ષુ મંડળ સુરત
„ ચંદુલાલ શીવલાલ સંઘવી અમદાવાદ
„ દિ. જૈન મુમુક્ષુ મંડળ ઉદેપુર
„ જવેરીબેન ત્રંબકલાલ ધડિયાળી સુરેન્દ્રનગર
„ છોટાલાલ કેશવજી ભાયાણી લાઠી
„ ચીમનલાલ મગનલાલ
„ દિ. જૈન યુવક મંડળ ભજન મંડળી વઢવાણ
„ કેશવલાલ વૃજલાલ કોઠારી મુંબઈ
„ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ગોંડલ
હ. જયંતિભાઈ માવાણી
„ મયાભાઈ જેસીંગભાઈ મુંબઈ
„ કાંતાબેન કાંતીલાલ
તથા કાંતીલાલ શાહ કાંદીવલી
„ પ્રભુદાસ તારાચંદ કામદાર સોનગઢ
„ શાંતાબેન કેશવલાલ શાહ
„ શાંતાબેન ગુલાબચંદ ટોળિયા મુંબઈ
„ કિરીટકુમાર નાનચંદ રાજકોટ
„ ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા મુંબઈ
„ જેઠાલાલ હંસરાજ દોશી સીકંદરાબાદ
„ જેકુવરબેન મોહનલાલ ભાયાણી લાઠી
„ જ્યોત્સના સુરેશભાઈ
„ દિ. જૈન મુમુક્ષુ મંડળ ચોટીલા
„ પ્રવિણભાઈ વોરા વડોદરા
„ ચંપાબેન લાલચંદ મહેતા તથા
કિશોરભાઈ મુંબઈ
„ ચંપાબેન ગોસલીયા મુંબઈ

—૦—

## શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના વિવિધ દાન ખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાન રાશિ :—

૧૦૦૧ શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ મદ્રાસ
૧૦૦૩ સ્વ. શ્રી રમણીકલાલ ચતુરલાલ ભાયાણી જમશેદપુર
૧૦૦૧ શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા સુરત
૧૧૧૧ સ્વ.શ્રી પ્રભાબેન ચીમનલાલ ડેલીવાળા હ. બ્ર. ઈન્દુબહેન સોનગઢ
૨૦૧ શ્રી મહેતા ઈન્ડસ્ટ્રીઝ જામનગર
૨૦૧ શ્રી ગંગાબેન તથા નવલચંદ જામનગર
૬૪૧ શ્રી મનસુખલાલ છગનલાલ ઉદાણી મુંબઈ
૧૨૧ શ્રી જગદીશચંદ્ર નવલચંદ લોદરીયા મુંબઈ
૫૨૨ શ્રી સુલોચનાબેન ગેંદાલાલ કોઠારી દાહોદ
૨૦૧ શ્રી શીવલાલ ધનજી શાહ મુંબઈ
૨૦૧ શ્રી મનુભાઈ રમણીકલાલ શાહ વડોદરા
૨૦૧ શ્રી કાશીબેન લાલચંદ ભાયાણી હ.જયંતિલાલ લાલચંદ ભાયાણી ઘાટકોપર
૨૦૧ લાભુબેન ગોપાળજી ગોસલીયા શ્રી કાશીબેનનાં સ્મરણાર્થે ઘાટકોપર
૪૭૩ શ્રી રસિકલાલ અમરચંદ ડગલી ઘાટકોપર
૧૦૦૧ શ્રી વિનોદરાય ચુનીલાલ વોરા તથા નટવરલાલ ચુનીલાલ વોરા જામનગર
૫૦૧ મંજુલાબેન રજનીકાંત પુનાતર
૧૦૦૧ સ્વ.શ્રી જમનાદાસ તારાચંદ કાપડીયા મુંબઈ
૫૦૧ શ્રી અંબાલાલજી ગંગાવત ઉદેપુર
૧૦૨૫ સ્વ. શ્રી ગુલાબચંદ્ર ઝવેરચંદ કોઠારી ચોટીલા
૧૩૫૭ શ્રી હીંમતલાલ ઉજમસી મધીયા દાદર
૩૭૩ શ્રી મહાલક્ષ્મીબેન ભોગીલાલ શાહ અમદાવાદ
૩૦૩ શ્રી વિદ્યુતપ્રભા ભોગીલાલ શાહ અમદાવાદ
૫૦૬ શ્રી શીવલાલ નરભેરામ દેસાઈ કલકત્તા
૫૦૧ શ્રી મોતીબહેન ઠાકરશી સોનગઢ
૨૦૧ શ્રી ભૂપતલાલ પ્રભુદાસ મહુવા
૨૦૧ શ્રી ધીરજલાલ ભવાનભાઈ લાઠી
૩૦૩ શ્રી કંચનબેન મનહરલાલ શાહ લીંબડી
૬૦૩ બ્ર. તારાબેન ભૂપતરાય દોશી સોનગઢ
૧૦૧ શ્રી સરસ્વતીબેન આચાર્ય
૨૯૧ શ્રી એક મુમુક્ષુભાઈ હ. કાંતીભાઈ ભાવનગર
૨૦૧ શ્રી કંચનબેન હીંમતલાલ શેઠ લીંબડી
૩૭૨ શ્રી રવજીભાઇ ગોવીન્દજી પટેલ કાનાતળાવ
૪૭૩ શ્રી વીરજીભાઈ ભીમજીભાઈ પટેલ ,,
૪૭૨ શ્રી પરસોત્તમ દેવજી પટેલ ,,
૧૦૨ શ્રી શાન્તાબેન કેશવલાલ દાદર
૨૦૧ શ્રી કમળાબેન શાન્તીલાલ કામદાર અમદાવાદ
૫૦૭ શ્રી વેલજીભાઈ મેઘજી શાહ (મેનેજર) સોનગઢ
૨૫૨ શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી
૨૬૦૧ શ્રી રસિકલાલ વિક્રમચંદ સંઘવી કલકત્તા
૫૦૧ શ્રી કાંતિલાલ હરિલાલ શાહ મુંબઈ
૧૦૦૧ શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાળીયા સોનગઢ
૧૦૧ શ્રી અવની તથા નેહલ ઘાટકોપર
૧૫૧ શીવલાલ એચ. દેસાઈ રાજકોટ
૪૦૩ ડૉ. અજીતાબેન વિ. ખંઢેરીયા લંડન
૧૦૧ સ્વ.શ્રી કસ્તુરબેન લોદરીયા હ. જગદીશભાઈ સોનગઢ
૪૦૨ ત્રણ મુમુક્ષુ બહેનો તરફથી મુંબઈ
૨૦૧ શ્રી જયંતિલાલ મણીલાલ લાઠી
૧૦૧ શ્રી રજનીકાબેન શરતચંદ્ર અદાણી દાદર
૧૫૭ શ્રી ચંપાબેન તખતરાજ કલકત્તા

(ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :—

* નાયરોબીનિવાસી શ્રીમતી કૈલાશબેન ચંદ્રકાંત મેઘજી માલદે તા. ૧૫-૫-૮૩ ના રોજ મોટર અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી ચીમનલાલ હરજીવનદાસ શાહ (વર્ષ-૫૮) તા. ૮-૭-૮૩-ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરાનિવાસી શ્રી લાભશંકરભાઈ છગનલાલ મહેતા (વર્ષ-૭૨) તા. ૧૭-૮-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોશી (આફ્રિકા) નિવાસી શ્રી ઝવેરચંદ શામજી (તે શ્રી વીરચંદભાઈ માલદે (સોનગઢ)ના બનેવી (વર્ષ-૬૬) તા-૧૯-૮-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી ભોગીલાલ પ્રેમચંદ ઘડીયાળી (વર્ષ-૬૩) તા. ૧૪-૯-૮૩-ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુલુન્ડનિવાસી શ્રી વસંતલાલ વૃજલાલ ગાંધી (વર્ષ-૭૧) તા. ૧૪-૯-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી શ્રી મધીયા ત્રિભોવનદાસ કલ્યાણજી (વર્ષ-૮૮) તા. ૧૮-૯-૮૩-ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી પ્રભાબેન જગજીવનદાસ શાહ તા. ૨૦-૯-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી હાલ રાંચી શ્રી અનોપચંદભાઈ મૂળજીભાઈ ખારા (વર્ષ-૬૮) તા. ૧૦-૯-૮૩ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ તેઓ પૂજ્ય બહેનશ્રીની ૭૦ મી જન્મજયંતી ઉજવવા ખાસ સોનગઢ આવ્યા હતા. તેઓને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રી પ્રતિ અત્યંત શ્રદ્ધા-ભક્તિ હતા.

* દાદરનિવાસી જવેરીબેન પુરુષોત્તમદાસ કામદાર (તે શ્રી પ્રાણભાઈ કામદારના માતુશ્રી) તા. ૨૪-૯-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દાહોદનિવાસી (હાલ મુંબઈ) કંચનબેન વસંતલાલ તલાટી તા. ૨૫-૯-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્દગત મુમુક્ષુઓને વીતરાગ દેવ-શાસ્ત્ર ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. અવારનવાર સોનગઢ આવીને આત્મોદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો લાભ લેતા હતા. તેઓ વીતરાગધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—૦—

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) જે ગતિ અરિહંત પરમાત્માઓને પ્રાપ્ત થાય છે, જે ગતિ કૃત્યકૃત્ય આત્માઓને પ્રાપ્ત થાય છે, જે ગતિ ક્ષીણકષાય મુનિઓને મળે છે તે ગતિની મને સદાને માટે પ્રાપ્તિ હો.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર–પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા–૫૩)

(૨) હે જિનેન્દ્ર! ચર્મમય નેત્રથી પણ આપના દર્શન થતાં જે મહાન હર્ષ ઉત્પન્ન થાય છે તે ત્રણલોકમાં સમાતો નથી તો પછી જ્ઞાનરૂપ નેત્રથી આપના દર્શન થતાં કેટલો આનંદ પ્રાપ્ત થાય તે અમે જાણતાં નથી.

(શ્રી પદ્મનંદી આચાર્ય, ઋષભસ્તોત્ર, શ્લોક–૩)

(૩) કષાયો ઘણા પાતળા થવા છતાં પોતાના જ સાથીઓ સાથે મત્સરતા પ્રાયે સર્વના હૃદયમાં રહ્યાં કરે છે. એ માત્સર્યભાવ સહેજમાં છૂટી શકતો નથી તેથી તે દુર્જય છે. સહાધ્યાયી સહધર્મી પ્રત્યેની મત્સરતાનો–અદેખાઈનો વિજય એ જ એક મહાન કષાય દાવાનળનો વિજય છે. નથી સમજાતું કે પોતાના જ સહાધ્યાયી સહધર્મી મિત્રો પ્રત્યે આવો માત્સર્ય અર્થાત્ અદેખાઈભાવ કેમ વર્તતો હશે? પણ અહો અજ્ઞાન! તારું માહાત્મ્ય કોઈ અકથ્ય છે. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૨૧૫)

(૪) આ સંસારમાં એક તરફ તો કર્મોની સેના છે અને એક તરફ હું એકલો છું તેથી આ શત્રુસમૂહમાં મારે સાવધાન થઈને રહેવું જોઈએ.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ–૩૪, ગાથા–૮)

---

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે–અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની
આત્મધર્મ-પરિવાર ક્ષમા માંગે છે.

—સંપાદક

અહો! તું સતની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે. તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણ[illegible]સતના સંસ્કાર ઊંડા નાખ્યા હશે અને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત [illegible]ગટશે. આ[illegible]થી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વે સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સતના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ. અહો! ઊંડાણથી સતના સંસ્કાર[illegible]નાખ્યા! [illegible] ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. —પૂજ્ય ગુરુદેવશ્રી

License No. 3
'License to post
without prepayment'

To,

૧૪૨૬ A શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પો. ઓ. કૉલેજ
સણોસરા
વાયા–સોનગઢ

If not delivered please return to.
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( કાનજીસ્વામીનું ) PIN : 364 250

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( કાનજીસ્વામીનું )
PIN : 364 250 ( સૌરાષ્ટ્ર )
વાર્ષિક લવાજમ રૂા. ૯–૦૦ આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/-